MANOGAT • Year-36 • Issue-16 • 25 November 2017 • Magsar Sud 6, Samvat 2074 • Yugabd 5119 • Price : Rs. 5/- • Pages : 28




# मनोगत



## હું છું વિકાસ, હું છું ગુજરાત

ભાજપ

## જાતિવાદી, કોમવાદી અને અરાજકતાવાદી કોંગ્રેસને પરાસ્ત કરીએ

## વિકાસને વિજયી બનાવવા ભાજપને જંગી જીત અપાવીએ

**સત્તાભૂખ્યાં કેટલાંક તત્ત્વો ફરી એકવાર જાતિવાદ અને કોમવાદથી ગુજરાતને પીંખી નાખવા રમતે ચઢ્યાં છે**



# આવો, જાતિવાદ-વંશવાદથી ઉપર ઊઠી વિકાસવાદને વિજયી બનાવીએ

**ગુજરાતનાં મારાં વહાલાં ભાઈઓ અને બહેનો,**

દીપોત્સવ અને નવવર્ષના તહેવાર પૂરા થયા અને હવે લોકતંત્રનું પાવન ચૂંટણી પર્વ આવી રહ્યું છે. ૨૨ વર્ષ પહેલા ગુજરાત કેવું હતું ? અને આજે કેવો બદલાવ આવ્યો છે ! આ વીતેલાં વર્ષોમાં ભારતીય જનતા પાર્ટીની સરકારોના સુશાસનમાં આપ સૌએ, વિકાસયાત્રામાં ભાગીદાર બનીને ફક્ત ભારત જ નહિ, પણ વિશ્વફલક પર ગુજરાતના વિકાસની અભૂતપૂર્વ ઓળખ ઊભી કરી છે. ગુજરાતનો આ વિકાસ આપને આભારી છે, આપની સૂઝબૂઝ, પરિશ્રમ, જ્ઞાન, કૌશલ્ય અને કોઠાસૂઝને આભારી છે. ગુજરાત અને વિકાસ એકમેકના પર્યાય બની ગયા છે. **૨૪ કલાક મળતી થ્રી-ફેઝ વીજળી, દેશભરના લોકો જ્યારે ગુજરાત આવે ત્યારે જેનાં વખાણ કરે છે તેવા માર્ગો, દીકરીઓ મોડી રાત્રે પણ બહાર ફરતાં સલામતી અનુભવે તેવો સુરક્ષાનો માહોલ, વિશ્વસ્તરની વિશાળ વોટર ગ્રીડ, ખેતી ક્ષેત્રે સાતત્યપૂર્ણ ઉચ્ચ વિકાસ દર - કોઈ ક્ષેત્ર બાકી નથી જ્યાં વિકાસ અવિરત ગતિશીલ ન હોય, ગુજરાત એ તો અવસરોની ભૂમિ છે;** વેપાર, ઉદ્યોગ, રોજગાર માટે સારું શિક્ષણ મેળવીને આગળ વધવા માટે, કંઈક નવું કરવાની પહેલ માટે, જે પણ ક્ષેત્રમાં વિકાસ કરવો હોય તેના માટે !

આ વિકાસ ગુજરાતને સહેલાઈથી નથી મળ્યો. ગુજરાતે વિકાસ માટે સંઘર્ષ કર્યો છે. કેન્દ્રમાં પ્રતિકૂળ સરકાર હતી ત્યારે વિવિધ અડચણો છતાં ગુજરાતે સૌનો સાથ, સૌનો વિકાસના મંત્ર સાથેની આગેકૂચ ચાલુ રાખી હતી. કોંગ્રેસની સરકારો દરમિયાન ગુજરાતના પ્રાણ સમી નર્મદા યોજનાનું કામ વર્ષો સુધી અટકેલું રહ્યું હતું. કેન્દ્રમાં આપણી આ સરકાર આવતાં જ, ગુજરાતના પાણિયારા સમા નર્મદા બંધનું કામ આપણે પૂરું કર્યું અને રાષ્ટ્રને સમર્પિત કર્યું. **વિકાસનું મહત્ત્વ ગુજરાત અને ગુજરાતીથી વધુ કોણ સમજી શકે ?** આપ સારી રીતે જાણો છો કે મારા માટે ગુજરાત મારો આત્મા અને ભારત મારો પરમાત્મા છે. ત્રણેક વર્ષથી આપે મને દેશની જવાબદારી સોંપી છે. આટલા ટૂંકા ગાળામાં ભારત સરકારની જન ધન યોજના હોય કે ઉજ્જવલા યોજના, મુદ્રા યોજના હોય કે સૌભાગ્ય યોજના કે પછી સુકન્યા સમૃદ્ધિ યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, ફસલ વીમા યોજના, કૃષિ સિંચાઈ યોજના હોય અથવા સામાજિક સુરક્ષાની યોજનાઓ હોય - આ બધી જ યોજનાઓના લાભોથી કરોડો પરિવારોના જીવનમાં બદલાવ આવ્યો છે. કેન્દ્ર હોય કે ગુજરાત, ભાજપની બંને સરકારોની આવી તો અનેક જનહિતની યોજનાઓએ ગ્રામીણ, ગરીબ, વંચિત, શોષિત અને પીડિત જનસમુદાયો હોય કે દલિત, આદિવાસી, સાગરખેડુ, કિસાન, મહિલા અને યુવાવર્ગ સૌને માટે વિકાસના અવસરો પૂરા પાડ્યા છે, સશક્તિકરણ કર્યું છે. **ભૂતકાળમાં ગુજરાતની દશા કેવી હતી તેનું કદાચ ૨૨-૨૫ વર્ષનો યુવાન આજે અનુમાન પણ ન કરી શકે. માત્રને માત્ર રાજકીય સ્વાર્થ ખાતર આપણા ગુજરાતને જાતિવાદ અને કોમવાદે પીંખી નાખ્યું હતું. સત્તાભૂખ્યાં કેટલાંક તત્ત્વો ફરી એકવાર આ જ સ્વાર્થી રમતની મમતે ચઢ્યાં છે. આવા સમયે આપણા યુવાનોના ઉજ્જ્વળ ભવિષ્ય કાજે, ગુજરાતને હજુ વધુ ઊંચાઈએ લઈ જવા માટે જાતિવાદ, કોમવાદ કે વંશવાદ જેવી વૃત્તિ-પ્રવૃત્તિથી ગુજરાતને બચાવવાની આપણા સહુની સહિયારી જવાબદારી છે.**


૨૫ વર્ષ પહેલાંના ગુજરાતની તુલનામાં ગુજરાતે વિકાસની હરણફાળ ભરી છે પણ આપણે તો ગુજરાતી છીએ, આટલાથી સંતોષ માની બેસી રહેવું આપણને પાલવે નહિ. અનેક ક્ષેત્રોમાં હજી વધુ વિકાસ, તીવ્ર ગતિથી વિકાસ કરવાનો આપણો સંકલ્પ છે. સદ્‌નસીબે સમગ્ર ભારતની જનતાએ કેન્દ્રમાં પણ વિકાસને વરેલી સરકાર ચૂંટી છે. પહેલીવાર કેન્દ્ર અને રાજ્ય બંને જગ્યાએ વિકાસને વરેલી સરકાર હોઈ ભૂતકાળ કરતાં અનેકગણી ઝડપે અને અનેક ક્ષેત્રોમાં વિકાસના અવસર ઊભા થયા છે. કોઠાસૂઝ ધરાવતો ગુજરાતી ક્યારેય આવી સુવર્ણતક જવા ના જ દે. વિકાસ જ બધી સમસ્યાઓનું સમાધાન છે અને સામાન્ય માનવીની જિંદગીમાં બદલાવ લાવશે. દેશની આઝાદીની લડતમાં ગુજરાતે ગાંધી-સરદારના નેતૃત્વમાં જનચેતનાનું-જનશક્તિનું નેતૃત્વ આપ્યું હતું. હવે ગુજરાત સમક્ષ વિકાસની જનભાગીદારીનું દિશાદર્શક નેતૃત્વ આપવાનો આ ચૂંટણીએ અવસર પૂરો પાડ્યો છે. **આવનારી ચૂંટણી આપણા માટે ઉત્સવ છે, જેમાં ફરી એકવાર વિકાસને જિતાડવા માટે ભાજપને આપણો પવિત્ર મત આપીએ.**

આવો... જાતિવાદ નહિ, વિકાસવાદને વધાવીએ. આવો... કોમવાદ નહિ, વિકાસવાદથી ગુજરાતને મજબૂત બનાવીએ. આવો... વંશવાદથી નહિ, વિકાસવાદથી ગુજરાતમાં સામાજિક ન્યાયને બળ આપીએ. આવો... પરિવારવાદથી નહિ, વિકાસવાદથી દેશ અને પ્રદેશના ગરીબો માટે સમર્પિત થઈએ. ગુજરાતની આગામી વિધાનસભાની ચૂંટણીમાં ફરી એકવાર ભાજપને જનસેવા કરવાની તક આપો, વિકાસયાત્રાને આગળ ધપાવવાનો અવસર આપો. **આવો, ગુજરાતમાં ફરી એકવાર પાંચ વર્ષ માટે કમળના બટન ઉપર મતદાન કરીએ અને ભાજપ સરકારને વિકાસ માટે ભવ્ય વિજય અપાવીએ.**

આપનો,

(નરેન્દ્ર મોદી)

# હું છું વિકાસ, હું છું ગુજરાત



## તંત્રીસ્થાનેથી

Year - 36 • Issue - 16 • Pages-28

# વિકાસ વિશેષાંક

પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
**ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ**
દીનદયાળ ભવન, જે.પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
**ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨**
E-mail : manogat.1980@gmail.com

**તંત્રી મુદ્રક પ્રકાશક :**
**સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલે ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી એલાઈડ ઑફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ., ૧૪/૨, કાલિદાસ મિલ કંપાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૩૮૦૦૨૧ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧ થી પ્રગટ કર્યું.**

**Editor : Printer : Publisher :**
Surendrabhai Motilal Patel on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at Allied Offset Printers (Gujarat) Pvt. Ltd., 14/2, Kalidas Mill Compound, Gomtipur, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J.P.Chowk, Khanpur, Ahmedabad-380001.

## 'કમળ'ના વિજય દ્વારા વિકાસ સંસ્કૃતિનું ગૌરવ વધારીએ

### અચૂક મતદાન કરીએ - વધુમાં વધુ મતદાન કરાવીએ

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૧૭ને ધ્યાને લઈને આપણા 'મનોગત'ના આ અગાઉના ૩ (ત્રણ) વિશેષાંકો પ્રકાશિત કરવામાં આવ્યા છે.

(૧) પ્રથમ અંકમાં ૧૯૯૫ પહેલાંનું અને પછીના ગુજરાતની પ્રગતિની પારાશિશિ દ્વારા આપણા અને કોંગ્રેસના શાસનના તુલનાત્મક આંકડાઓ પ્રસિદ્ધ કરવામાં આવ્યા. સાથે સાથે કોંગ્રેસે કરેલાં આઝાદીથી અત્યાર સુધીનાં કૌભાંડોની વિગતો પણ રજૂ કરાઈ. નેતૃત્વ, નીતિ અને નિયતના સંદર્ભમાં ભાજપ અને કોંગ્રેસમાં રહેલો તફાવત - એક બાજુ શ્રી નરેન્દ્રભાઈ મોદી અને શ્રી અમિતભાઈ શાહનું મજબૂત નેતૃત્વ, રાષ્ટ્રવાદી દેશપ્રેમી નીતિ અને પ્રજાહિત તથા પ્રજાકલ્યાણ માટેની પ્રામાણિક નિયત અને સામે પક્ષે વિદેશી મૂળનું દૃષ્ટિહીન નેતૃત્વ, ભાગલાવાદી અને તુષ્ટીકરણની માનસિકતાવાળી નીતિ અને સ્વાર્થી અને ભ્રષ્ટાચારી નીતિ અંગેની બાબતો પ્રસિદ્ધ કરાઈ.

(૨) દ્વિતીય અંકમાં હું છું વિકાસ - હું છું ગુજરાત દ્વારા ગુજરાત ભાજપ સરકારનાં તમામ વિકાસકામો મુદ્દાવાર પ્રસિદ્ધ કરવામાં આવ્યાં.

(૩) તૃતીય અંકમાં ગુજરાતને અને સરદાર પટેલને આઝાદીથી અત્યાર સુધી કરાતા અન્યાયોની વિગતો અને શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રધાનમંત્રી બનતાં જ ગુજરાતને મળેલા ન્યાયની વિગતો રજૂ કરાઈ છે.

ચૂંટણી પહેલાંના આ છેલ્લા અંકમાં ઉપરોક્ત ત્રણેય સંદર્ભે વિશેષ, ટૂંકી, સ્પષ્ટ અને સચોટ માહિતી રજૂ કરવામાં આવી છે.

મારી દૃષ્ટિએ -

(૧) દેશના રાષ્ટ્રવાદી નેતૃત્વને રાષ્ટ્રને સાચી દિશામાં લઈ જવાના ધ્યેયની પૂર્તિ કરવા માટે,

(૨) ગુજરાતના વિકાસને તેજગતિએ આગળ વધારવા - મોસાળમાંથી શ્રી નરેન્દ્રભાઈના 'મા' જેવા ગુજરાતપ્રેમને પ્રાપ્ત કરવા માટે અને

(૩) જ્ઞાતિવાદી, અરાજકતાવાદી અને જાહેરજીવનને લાંછનરૂપ તત્ત્વો દ્વારા પરોક્ષરૂપે લડતી ગુજરાતવિરોધી અને વિકાસવિરોધી કોંગ્રેસને પરાસ્ત કરવા આપણે સૌ કટિબદ્ધ બનીએ.

**અચૂક મતદાન કરીએ, વધુમાં વધુ મતદાન કરાવીએ.**

**'કમળ'ના વિજય દ્વારા વિકાસ સંસ્કૃતિનું ગૌરવ વધારીએ.**

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

# આપણા શ્રી નરેન્દ્રભાઈ મોદીનો ગુજરાત પ્રત્યેનો અનહદ પ્રેમ



# મોસાળમાં જમણવાર અને મા પિરસનાર જેવો ગુજરાતને મળ્યો લાભ

ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદી ભારતના વડાપ્રધાન બનતાંની સાથે ગુજરાતની ઉન્નતિ અને સમૃદ્ધિના માર્ગો ખૂલી ગયા. આપણા નરેન્દ્રભાઈએ વડાપ્રધાન બનતાંની સાથે ગુજરાતને આપી ખોબલે ખોબલે અઢળક ખુશી.

કેન્દ્રમાં નરેન્દ્રભાઈના નેતૃત્વવાળી સરકાર અને ગુજરાતમાં ભારતીય જનતા પક્ષની સરકાર બને તો આવનારાં પાંચ વર્ષો ગુજરાત માટે સુવર્ણકાળ બની રહેશે.

- વર્ષો જૂની ગુજરાત રાજ્યની ક્રૂડ ઓઈલની રોયલ્ટીનું નિરાકરણ આવ્યું.. રૂ.૮૩૭૨ કરોડના ચુકવણાની જવાબદારીનો સ્વીકાર. આ પૈકી પ્રથમ તબક્કે રૂ.૧૨૫૮.૮૦ કરોડની માતબર રકમ રીલીઝ થશે.
- ૧૩મા નાણા પંચમાં કેન્દ્રીય કરવેરાની આવકનો રાજ્ય માટેનો ફાળો જે ૩૨ ટકા હતો તે ૧૪મા નાણાપંચમાં વધારીને ૪૨ ટકા કરાયો. અર્થાત્ વર્ષ ૨૦૧૦-૧૫માં જે ફાળો ૪૪,૧૦૭ કરોડ હતો તે વર્ષ ૨૦૧૫-૨૦ દરમિયાન રૂ.૧,૨૧,૭૬૨ કરોડ કરવામાં આવ્યો (લગભગ ૨૭૫ ટકાનો વધારો).
- કેન્દ્રીય પુરસ્કૃત યોજનામાં વર્ષ ૨૦૧૩-૧૪ની તુલનાએ (રૂ.૬૮૮૩ કરોડ)માં ૧૦૦ ટકાનો વધારો કરીને વર્ષ ૨૦૧૬-૧૭માં રૂ.૧૩,૨૧૮ કરોડ કરવામાં આવ્યો.
- સરદાર સરોવર પ્રોજેક્ટના દરવાજાઓની પૂર્ણ ક્ષમતા સાથેની ઊંચાઈએ સ્થાપિત કરીને તેની સંગ્રહક્ષમતામાં ૫ મિલિયન એકર ફૂટનો વધારો.
- કડાણા - દાહોદ પ્રોજેક્ટ અને સૌની યોજના અંતર્ગત નાબાર્ડ તરફથી રૂ.૩૦૦૦ કરોડની માતબર સહાય.
- સરદાર સરોવર પ્રોજેક્ટ હેઠળ કેન્દ્રીય સહાય ૩૩.૬ ટકાથી વધારીને ૪૮.૬ ટકા થવાને કારણે વર્ષ ૨૦૧૬ થી ૨૦૧૯ દરમિયાન રૂ.૪૭૯૭.૫૧ કરોડની રકમની મંજૂરી.
- સાગરમાલા પ્રોજેક્ટ હેઠળ રૂ.૧૩૮.૯૩ કરોડની ગ્રાન્ટ રીલીઝ.
- પ્રથમ ડેડિકેટેડ કોસ્ટલ ઈકોનોમિક ઝોન તરીકે કચ્છનો વિકાસ કરવાનો યશસ્વી નિર્ણય.
- ઉજાલા યોજના હેઠળ ગુજરાતમાં ૩ કરોડ બલ્બ, ૫ લાખ ટ્યુબ લાઈટ અને ૨ લાખ પંખાઓનું વિતરણ.
- પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનાનો અમલ તા.૧-૪-૧૬થી થયા બાદ છેલ્લાં ત્રણ વર્ષમાં રૂ.૯૮૭.૭૬ કરોડની ગ્રાન્ટ રીલીઝ. છેલ્લાં ત્રણ વર્ષમાં રૂ.૨૧૧૧.૯ કરોડનો ખર્ચ આ યોજના અંતર્ગત કરીને ૨૮.૪૨ લાખ હેક્ટર ખેતીની જમીનને વીમા કવચ.
- પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળ તા.૩૦-૭-૧૫થી યોજના અમલમાં આવ્યા બાદ રાજ્ય સરકારને

રૂ.૪૩૪૭.૫૭ કરોડની ગ્રાન્ટ રીલીઝ અને રાજ્ય સરકાર દ્વારા રૂ.૫૯૧૦.૬૯ કરોડની જોગવાઈ. છેલ્લાં ત્રણ વર્ષમાં રૂ.૮૭૩૫.૨૩ કરોડનો ખર્ચ કરીને યોજનાના વિવિધ ઘટકો થકી ૧૩.૦૯ લાખ હેક્ટર વિસ્તારને અને ૬.૭૫ લાખ ખેડૂતો લાભાન્વિત અને લગભગ ૮૨,૫૭૩ ખેડૂતો તાલીમબદ્ધ.

- કેન્દ્ર સરકારના મિનિસ્ટ્રી ઓફ રોડ એન્ડ ટ્રાન્સપોર્ટના સહયોગને કારણે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના માટે એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંક દ્વારા રૂ.૪૬૦૦ કરોડની નાણાકીય સહાય ઉપલબ્ધ, જે પૈકી પ્રથમ તબક્કામાં રૂ.૨૨ કરોડના નાણાકીય સહયોગનો ઑગસ્ટ ૨૦૧૭થી અમલ શરૂ.
- ૨૧૭૨.૦૭ કિ.મી.ના રાજ્યમાર્ગોને રાષ્ટ્રીય ધોરીમાર્ગ તરીકે મંજૂર કરવાની સૈદ્ધાંતિક મંજૂરી જે પૈકી ૧૧૦૮.૭૫ કિ.મી.ને પ્રથમ તબક્કામાં મંજૂરી.
- રેલવે મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૧૪-૧૫ થી ૨૦૧૭-૧૮માં ૧૭ ગેજ કન્વર્ઝન, એક નવી લાઈન, ત્રણ ડબલીંગ ઓફ રેલવેઝ, ૩૬ નવી ટ્રેન, ૬ નવા એક્સ્ટેન્શન, ૩૪ સ્ટોપેજની માંગણીઓ અને બે ફ્રિકવન્સી ઓફ ટ્રેઈન્સને મંજૂરી પ્રદાન કરેલી છે.
- નેશનલ હાઈડ્રોલોજી પ્રોજેક્ટ હેઠળ રૂ.૧૩૨ કરોડની ફાળવણી.
- ડ્રીપ-૨ (ડેમ રીહેબિલિટેશન એન્ડ ઈમ્પ્રૂવમેન્ટ પ્રોગ્રામ) અંતર્ગત ૮ દરવાજા માટે રૂ.૨૦૦ કરોડની સહાય.
- મેક ઈન ઈન્ડિયા અંતર્ગત DMIC અને ધોલેરા SIE જેવા આર્થિક વિકાસના હબ ગુજરાતને અર્પણ.
- ડિસ્કવર્ડ સ્મોલ ફિલ્ડ બીડ રાઉન્ડ(DSFBE)૨૦૧૬ અંતર્ગત ગુજરાતના ૫ ઓઈલ અને ગેસ ફિલ્ડનો સમાવેશ.
- અટલ મિશન ફોર રીજુવેનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન (અમૃત) યોજના અંતર્ગત ગુજરાતનાં ૩૧ શહેરો (મ્યુ. કોર્પોરેશન સહિત)નો સમાવેશ.
- ૧૨ પસંદગીયુક્ત હેરિટેજ સિટી પૈકી દ્વારકાનો પાઈલોટ પ્રોજેક્ટ તરીકે સમાવેશ.
- પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં ૨,૦૪,૭૦૩ રહેણાંકો મંજૂર કરાયાં. ગુજરાત સરકાર દ્વારા શહેરી વિસ્તારમાં લાખ્ખો નવા આવાસોના નિર્માણનું આયોજન.
- રાજ્ય સરકારને ભારત સરકાર દ્વારા વધારાની પ્રીમિયમ સહાય તરીકે રૂ.૧૩૫.૫૭ કરોડ મંજૂર.
- સોઈલ હેલ્થ કાર્ડ હેઠળ કેન્દ્ર સરકાર પાસેથી રૂ.૧૨.૧૩ કરોડની રકમ ઉપલબ્ધ અને રાજ્ય સરકાર દ્વારા રૂ.૭.૮૨ કરોડની જોગવાઈ. છેલ્લાં ત્રણ વર્ષમાં રૂ.૧૭.૭૩ કરોડનો ખર્ચ કરીને ૪૭.૮૪ લાખ સોઈલ હેલ્થ કાર્ડ ઈશ્યુ.
- e-NAM (નેશનલ એગ્રિકલ્ચર માર્કેટઈ કનેક્ટિવિટી) પોર્ટલ હેઠળ ગુજરાત ઓનલાઈન ટ્રેડીંગમાં દ્વિતીય ક્રમે.
- વર્ષ ૨૦૧૬થી અમલમાં આવેલ બ્લ્યુ રીવોલ્યુશન હેઠળ કેન્દ્ર સરકાર તરફથી ૨.૯૬ કરોડની ગ્રાન્ટ પ્રાપ્ત થઈ છે અને તે ઉપરાંત મેન ગ્રો 3 PH પ્રોજેક્ટ હેઠળ રૂ.૨૫ કરોડની ગ્રાન્ટ ઉપલબ્ધ.
- નેશનલ ફૂડ સિક્યોરિટી મિશન યોજના તા.૧-૪-૧૬માં અમલી બની. ત્યારબાદ કેન્દ્ર સરકાર દ્વારા રૂ.૧૦૬.૦૩ કરોડની ગ્રાન્ટની ફાળવણી. આ યોજના હેઠળ ૭.૬૩ કરોડ લાભાર્થીઓને લાભ.
- અમદાવાદ મેટ્રો ફેઝ-૧માં રૂ.૨૦૦૦ કરોડની ઈક્વિટી અને AIBP દ્વારા રૂ.૬૦૦૦ કરોડની લોનને મંજૂરી અપાવવામાં ભારત સરકારનો સિંહફાળો.
- ગડુલીથી સાંતલપુરના રસ્તા બાંધકામને મંજૂરી.
- વર્ષ ૨૦૧૪-૧૫માં પાણી પુરવઠા યોજનામાં AIBP અને CADWM અમલીકરણમાં છૂટછાટ આપીને પ્રથમ તબક્કામાં રૂ.૧૧૬૧ કરોડ અને વર્ષ ૨૦૧૫-૧૬માં બે તબક્કામાં રૂ.૨૨૦૦ કરોડ જેટલી માતબર સહાય.



# હું છું વિકાસ હું છું ગુજરાત

## ભાજપાની જનહિતને વરેલી સરકારે કરેલાં વિકાસકાર્યોની જન-જનને પ્રતીતિ

### શિક્ષણ

- શાળા-પ્રવેશોત્સવ, કન્યા કેળવણી, ગુણોત્સવ જેવા પરિણામલક્ષી કાર્યક્રમોને કારણે ગુજરાતમાં ડ્રોપ આઉટ રેટ નહિવત્ થઈ ગયો છે.
- કોંગ્રેસના રાજમાં એટલે કે ૧૯૯૫-૯૬માં ગુજરાતમાં ૪૧,૩૧૮ શાળાઓ હતી, જેમાં ૧૭૦૦૦ ઉપરાંત શાળાઓનો વધારો થતાં આજે ભાજપના સમયગાળામાં એટલે કે ૨૦૧૬-૧૭માં ગુજરાતમાં ૫૮,૩૫૨ શાળાઓમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આ નક્કર હકીકતને અવગણીને કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ બિલકુલ જૂઠાણું ચલાવે છે.
- ધોરણ ૧થી ૫માં અભ્યાસ કરતાં બાળકોનો ડ્રોપ આઉટ રેટ વર્ષ - ૧૯૯૫-૯૬માં ૩૬.૯૩ ટકા હતો, જે વર્ષ ૨૦૧૬-૧૭માં આજે માત્ર ૧.૫૪ ટકા જેટલો થયો છે, જે દર્શાવે છે કે ગુજરાતમાં શૈક્ષણિક સ્તર ઊંચું આવ્યું છે. કોંગ્રેસ કહે છે ગુજરાતમાં શિક્ષણનું સ્તર નીચું ગયું છે. બોલો, કોંગ્રેસની આવી વાતો લોકો મજાક ન સમજે તો શું સમજે ?
- આ ઉપરાંત ધોરણ ૧થી ૮માં અભ્યાસ કરતાં બાળકોનો ડ્રોપ આઉટ રેટ જોઈએ તો વર્ષ - ૧૯૯૫-૯૬માં ૫૧.૨૫ ટકા હતો જે વર્ષ ૨૦૧૬-૧૭માં ઘટીને ૬.૦૬ ટકા જેટલો નોંધાયો છે.
- કોંગ્રેસના સમયમાં ૧૯૯૫-૯૬માં રાજ્યમાં કુલ ૨,૩૯,૫૯૯ શિક્ષકો હતા, જેની સરખામણીએ આજે ૨૦૧૬-૧૭માં બમણાથી વધારે થઈ ગયા છે એટલે કે કુલ ૪,૬૪,૯૫૭ શિક્ષકોની સંખ્યા નોંધાઈ છે.
- વર્ષ - ૧૯૯૫-૯૬માં શાળાએ જતા વિદ્યાર્થીઓની સંખ્યા ૯૨ લાખ હતી જે આજે વધીને ૧૩૧ લાખ થઈ છે. ગુજરાતમાં ૪૦ લાખ જેટલા વિદ્યાર્થીઓ વધ્યા છે અને કોંગ્રેસના લોકો કહે છે કે શાળાઓ બંધ થાય છે.

- ગુજરાતની જનતા શાણી છે, સમજે છે અને એટલે જ કોંગ્રેસ આણી મંડળીનાં ગપ્પાંઓ સાંભળીને હસે છે.

## ઉચ્ચ અભ્યાસ

- ગુજરાત સરકારે શિક્ષણના નામે માફિયાગીરી કરતા લોકોને ફી નિયંત્રણ ધારો અમલમાં મૂકીને ગુજરાતના વિદ્યાર્થી અને વાલીઓને ખૂબ મોટી રાહત આપી છે. ખાનગી સ્કૂલોમાં પ્રાથમિક કક્ષાએ વધુમાં વધુ રૂ. ૧૫૦૦૦ હજાર , માધ્યમિક કક્ષાએ રૂ. ૨૫૦૦૦ અને ઉ. મા. કક્ષાએ રૂ. ૨૭૦૦૦ ફી નિર્ધારણ કરવામાં આવી છે, જે પણ સ્કૂલ નિયત કરેલી આ ફીના ધોરણનું ઉલ્લંઘન કરશે તેની સામે કાનૂની કાર્યવાહી કરવાનું પ્રાવધાન પણ કરવામાં આવ્યું છે.
- ગુજરાતમાં સરકારી ડિપ્લોમા, ડિગ્રી અને મેડિકલ કૉલેજોમાં અનુક્રમે વાર્ષિક ફી રૂ.૧૦૦૦, રૂ. ૩૦૦૦ અને રૂ. ૬૦૦૦ લેવામાં આવે છે, જે દર્શાવે છે કે અત્યંત ઓછી ફી વસૂલવામાં આવે છે.
- ગુજરાતમાં કન્યાઓને ધોરણ એકથી કૉલેજ સુધી વિના મુલ્યે શિક્ષણ આપવામાં આવે છે.
- કોંગેસની સરકાર વખતે ડિપ્લોમા, ડિગ્રી અને મેડિકલ કૉલેજોમાં ૧૯૯૫-૯૬માં કુલ ૯૧૪૦ બેઠકો હતી, જે આજે ૨૦૧૬-૧૭માં વધીને ૧,૪૯,૫૫૬ બેઠકો થઈ છે. ૨૨ વર્ષમાં બેઠકોમાં કેટલા ગણો વધારો થયો છે તેની ગણતરી કરવા માટે કોંગ્રેસ કેલ્ક્યુલેટર લઈને બેસે પછી કંઈ બોલે.
- રાજ્યમાં અત્યાર સુધી ધોરણ ૯થી ૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને ૧.૪૭ લાખ જેટલી સાયકલો પૂરી પાડવામાં આવી છે.
- રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ, વડોદરા, રાજકોટ, સૂરત, ભાવનગર અને આણંદ ખાતે અદ્યતન સુવિધા સાથે સમરસ છાત્રાલયો શરૂ કરવામાં આવ્યાં છે. જેમાં ૮૪૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે, જેમાં નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવી રહ્યો છે.
- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અન્વયે સ્વ-નિર્ભર મેડિકલ કૉલેજોમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને ૫૦ ટકા ટ્યુશન ફી સહાય રૂ.૨.૦૦ લાખની મર્યાદામાં મળવાપાત્ર થાય છે. વધુમાં મેડિકલ અભ્યાસક્રમોની વિદ્યાર્થિનીઓને બાકીની ટ્યુશન ફી સહાય, કુલ ટ્યુશન ફી રૂ. ૬.૦૦ લાખની મર્યાદામાં, મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિમાંથી મળવાપાત્ર થાય છે એટલે મેડિકલ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ માટે મફતના ભાવે શિક્ષણ ઉપલબ્ધ થયું છે.
- રાજ્ય સરકાર દ્વારા ડિપ્લોમા અને પોલિટેકનિક કૉલેજમાં પ્રવેશ મેળવનાર રાજ્યના ૩.૫૦ લાખ કરતાં વધારે વિદ્યાર્થીઓને ટેબ્લેટ આપવામાં આવી રહ્યું છે.

## યુવાનોને રોજગારી

- ગુજરાત વર્ષ - ૨૦૦૨થી દેશનાં અન્ય રાજ્યો કરતાં રોજગારી આપવામાં નંબર વન રહ્યું છે. રાજ્ય સરકાર દ્વારા વાયબ્રન્ટ ગુજરાતના માધ્યમથી વિદેશી મૂડી રોકાણકારોને ગુજરાતમાં તેમના ઔદ્યોગિક એકમ શરૂ કરવા જરૂરી સવલતો આપવામાં આવે છે. વિવિધ ઉદ્યોગોને તેમની જરૂરિયાત અનુસાર ટેક્નિકલ નોલેજ ધરાવતા યુવાનોને આઈટીઆઈમાં તૈયાર કરવામાં આવે છે. ગુજરાતના યુવાનોને રોજગારી માટે ગુજરાતમાં વિશાળ તકોનુ નિર્માણ કરવામાં આવે છે. ગુજરાતમાં ૬૫ ટકા ઉપરાંત યુવાનો છે. ગુજરાતે યુવાશક્તિને વિકાસની નવીનતમ ઊંચાઈ પર લઈ જવા માટે અવિરત પ્રયાસો કર્યા છે.
- ગુજરાતમાં મેગા જોબ ફેર અંતર્ગત ૧૦ લાખથી વધારે યુવાનોને ખાનગી ક્ષેત્રમાં નોકરી પૂરી પાડવામાં આવી છે.

- આજથી દોઢ-બે દાયકા પહેલાં સરકારી નોકરીઓમાં ભાઈ-ભત્રીજાવાદ, લાગવગશાહી, ભ્રષ્ટાચાર જેવી બાબતોથી ગુજરાતની જનતા ત્રસ્ત હતી. પરંતુ વર્ષ ૨૦૦૧માં જયારથી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્ય મંત્રી તરીકેની સેવા કરવાની જવાબદારી સ્વીકારી ત્યારથી સરકારી નોકરીની ભરતીમાં વિશ્વસનીયતા અને પારદર્શકતાને સૌથી વધુ પ્રાધાન્ય આપવામાં આવ્યું. ગયા વર્ષે આ ઉજ્જ્વળ પરંપરાને અનુસરીને ૮૦ હજાર યુવાનોને પારદર્શક પ્રક્રિયાથી સરકારી નોકરીમાં ભરતી કરવામાં આવી.
- આખા ભારતમાં મહિલા રોજગાર મેળાનો નવતર પ્રયોગ માત્ર ગુજરાતે જ અમલમાં મૂક્યો છે અને માત્ર એક દિવસમાં મહિલા રોજગાર મેળા દ્વારા ૨૦ હજારથી વધુ મહિલાઓને રોજગારી પૂરી પાડી છે.
- પ્રધાનમંત્રી મુદ્રા યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ગુજરાતમાં ૨૬.૫૪ લાખ લોકોને રૂ. ૧૭,૪૧૮ કરોડની લોન મંજૂર કરી સ્વરોજગારી પૂરી પાડવાની યોજનામાં નક્કર કામગીરી કરી છે.
- વર્ષ - ૨૦૧૧થી રોજગાર કચેરીના માધ્યમથી રોજગાર ઉપલબ્ધ કરાવવામાં ગુજરાત આગળ છે.
- ભારત સરકારના આંકડા અનુસાર ગુજરાતમાં બેરોજગારી દર ૯ (પ્રતિ ૧૦૦૦ વ્યક્તિ) છે, સંપૂર્ણ ભારતમાં સૌથી ઓછો છે. આ દર કેરળમાં ૧૨૫, હિમાચલમાં ૧૦૬, બિહારમાં ૬૦, મધ્યપ્રદેશમાં ૪૩, ઝારખંડમાં ૭૭ અને દિલ્લીમાં ૩૩ છે.
- ગુજરાત સરકાર દ્વારા રોજગારનું નિર્માણ કરવા માટે સકારાત્મક પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે, જેના પરિણામે બેરોજગાર વિદ્યાર્થીઓની સંખ્યામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. વર્ષ ૨૦૧૧માં રોજગાર મેળવવા માંગતા ઉમેદવારોની સંખ્યા ૮,૯૯,૪૦૪ હતી, જે સપ્ટેબર ૨૦૧૭માં ૫,૭૫,૩૬૧ થઈ છે. આ રીતે છેલ્લાં ૫ વર્ષોમાં રોજગાર મેળવવા માંગતા નોંધાયેલા ઉમેદવારોની સંખ્યામાં ૩૬ ટકાનો ઘટાડો થયો છે.

## ખેડૂતોનું કલ્યાણ

- કોંગ્રેસ-યુપીએ ગઠબંધન સરકારના શાસનમાં વીમા યોજના કપાસ પકવતા ખેડૂતો માટે અન્યાયરૂપ રહી હતી ત્યારે તેવા ખેડૂત વિરોધી માનસિકતા ધરાવતા અને ગુજરાતના ખેડૂતોના વિકાસને સહી ન શકતી કોંગ્રેસને ગુજરાતમાં ભાજપ સરકાર કિસાન ભાઈઓની પડખે ખભેખભા મિલાવીને ઊભી છે તે સમજતાં સ્વાભાવિક રીતે જ વાર લાગશે.
- રાજ્યમાં વર્ષ ૧૯૯૫-૯૬માં ૩૭.૮૧ લાખ ખેડૂતો હતા, જેની સામે આજે છેલ્લી વસ્તી-ગણતરીના આંકડા મુજબ આજની તારીખે ૪૮.૮૫ લાખ ઉપરાંત ખેડૂતો છે, એટલે કે, ૧૦ લાખ કરતાં પણ વધારે ખેડૂતોની સંખ્યામાં વધારો નોંધાયો છે અને કોંગ્રેસના નેતાઓ ગપ્પાં હાંકે છે કે ગુજરાતમાં ખેડૂતોની સંખ્યા ઘટી રહી છે. કોણ માને આ વાત?
- અગાઉ ગુજરાતમાં કૃષિ ઉત્પાદન ૯૦૦૦ કરોડ રૂપિયા હતું જે વધીને ૧ લાખ ૨૬ હજાર કરોડ રૂપિયા થયું છે. કૃષિ ઉત્પાદનમાં ૧૧૪૦ ગણો વધારો થયો અને ગુજરાતમાં ખેડૂતોની સંખ્યા ઘટી... આ હળાહળ જૂઠ ગુજરાતની જનતાને ક્યાંથી ગળે ઊતરે ?
- કોંગ્રેસના સમયમાં એટલે કે ૧૯૯૫-૯૬માં ૪૭.૭૪ લાખ મેટ્રિક ટન અનાજ ઉત્પાદન થતું હતું, જે વધીને આજે ૨૦૧૬-૧૭માં ૬૩.૧૭ લાખ મેટ્રિક ટન થયું છે.
- ગુજરાતમાં છેલ્લા દોઢ દાયકાથી કૃષિ દર ૧૧ ટકા રહ્યો છે, જ્યારે કર્ણાટકમાં ૨.૫ ટકા, આંધ્રપ્રદેશમાં ૩.૯ ટકા રહ્યો છે.

- ગુજરાતમાં બે દાયકા પહેલાં પશુઓની સંખ્યા ૬૮,૦૩,૦૦૦ હતી, જેમાં ૩૦ લાખ જેટલો વધારો થતાં આજે વર્ષ ૨૦૧૬-૧૭માં ૯૮,૮૪,૦૦૦ જેટલી સંખ્યા થઈ છે.
- વર્ષ ૧૯૯૫-૯૬માં ગુજરાતમાં ૪૬.૦૯ લાખ મેટ્રિક ટન દૂધનું ઉત્પાદન થતું હતું, જ્યારે વર્ષ ૨૦૧૬-૧૭માં અંદાજિત પાંચ ગણું વધીને ૧૨૨.૬૨ લાખ મેટ્રિક ટન થયું છે.
- ગુજરાતમાં વર્ષ ૧૯૯૫-૯૬માં ૩૫ લાખ હેક્ટરમાં સિંચાઈની સુવિધા આપવામાં આવતી હતી જ્યારે અત્યારે બમણા કરતાં પણ વધારે ૭૧.૦૫ લાખ હેક્ટર કરતાં પણ વધુ વિસ્તારને સિંચાઈનો લાભ આપીને રાજ્યના ખેડૂતોની પડખે આ સરકાર ઊભી રહી છે.
- વર્ષ ૧૯૯૦-૯૧માં રાજ્યમાં ૩,૪૯૨ ચેકડેમો હતા, જેની સામે આજે બે લાખથી પણ વધારે ચેકડેમોમાં પાણીસંગ્રહ કરવામાં આવે છે, જેનો સીધો લાભ ગુજરાતના ખેડૂતભાઈઓને થઈ રહ્યો છે.
- ખેડૂતોને તેમના ઉત્પાદનનો યોગ્ય ભાવ મળી શકે તે માટે તેમના ઉત્પાદનની ટેકાના ભાવે મોટાપાયે ખરીદી કરીને આ સરકાર ખેડૂતોની પડખે ઊભી રહે છે એટલા માટે ખેડૂતોની સંખ્યામાં સ્વાભાવિક રીતે વધારો થયો છે.
- ખેડૂતભાઈઓના પરિશ્રમથી તૈયાર થયેલા ઊભા પાકને ભૂંડ અને રોઝડાંના ત્રાસથી નષ્ટ થતો અટકાવવા અને રાત્રે ખેડૂત ભાઈઓ નિરાંતે ઊંઘી શકે તે માટે તેમના ખેતરની આસપાસ તારની વાડ બનાવવા માટે આ સરકારે રૂ. ૭૫૦ કરોડની માતબર રકમની જોગવાઈ કરી છે.
- ગુજરાત જ એકમાત્ર એવું રાજ્ય છે જ્યાં કિસાનોને ઈલેક્ટ્રિસિટી ડ્યુટીમાં સંપૂર્ણ માફી છે.
- ગુજરાતમાં કિસાનોને વીજબિલમાં રાહત પેટે રાજ્ય સરકાર દ્વારા વાર્ષિક સરેરાશ રૂ.૫૦૦૦ કરોડની સબસડી ચૂકવવામાં આવે છે.
- જો જમીન ઘટે તો કૃષિ ઉત્પાદનમાં ઘટાડો થાય ? ગુજરાતમા અગાઉ રૂ. ૯ હજાર કરોડ કૃષિ ઉત્પાદન થતું હતું તે વધીને આજે રૂ. ૧.૨૬ કરોડ થયું છે તે જ બતાવી આપે છે કે ગુજરાતમાં ખેતીલાયક જમીનમાં વધારો થયો છે. ખેતીની જમીન વધે તો જ પાકમાં ૧૧૪૦ ગણો વધારો થાય. વર્ષ ૧૯૯૪-૯૫માં ૯૬.૬૫ લાખ હેક્ટર ખેતીની જમીન હતી, જ્યારે આજે તે વધીને ૧૨૮ લાખ હેક્ટર થઈ છે.
- ગુજરાતમાં વર્ષ ૧૯૯૫-૯૬ની સરખામણીએ આજે ચાર ગણું કપાસનું ઉત્પાદન થયું છે. કોંગ્રેસના સમયમાં ૨૪.૦૮ લાખ ગાંસડીનું ઉત્પાદન થતું હતું તેમાં ૬૫ લાખ ગાંસડી કરતાં વધારો થતાં ૨૦૧૬-૧૭માં ૯૧.૧૫ લાખ ગાંસડીનું વિક્રમજનક ઉત્પાદન નોંધાયું છે.
- એ જ રીતે વર્ષ ૧૯૯૫માં ૧૦.૩૨ મેટ્રિક ટન મગફળીના ઉત્પાદનની સામે આજે ગુજરાત ૨૦.૪૨ લાખ મેટ્રિક ટન મગફળીનું ઉત્પાદન કરે છે.
- વર્ષ ૧૯૯૫-૯૬ની સરખામણીએ આજે ગુજરાતમાં ચાર ગણા વધારે ફળોનું ઉત્પાદન થાયે છે. કોંગ્રેસ રાજમાં એટલે કે ૧૯૯૫-૯૬માં ૨૧.૨૯ લાખ મેટ્રિક ટન થતું હતું જે આજે વધીને ૮૫.૦૫ મેટ્રિક ટન થયું છે.
- જો આપણે શાકભાજીની વાત કરીએ તો આજે ૧૯૯૫-૯૬ની સરખામણીએ છ ગણો વધારો નોંધાયો છે. કોંગ્રેસના રાજમાં ૨૦.૮૯ લાખ મેટ્રિક ટન જ્યારે ભાજપના રાજમાં આજે ૧૨૬.૮૨ લાખ મેટ્રિક ટન ઉત્પાદન થાય છે.
- છેલ્લા એક-દોઢ દાયકાથી સતત કૃષિવિકાસ દર ડબલ ડિઝિટમાં છે, તે સ્પષ્ટ નિર્દેશ કરે છે કે ગુજરાતમાં ખેતીની જમીન ઘટી નથી, બલ્કે બરકરાર રહી છે અને વધી છે.

- સિંચાઈ ક્ષેત્રની વાત કરીએ તો એમાં પણ લગભગ બમણો વધારો ગુજરાતમાં થયો છે.
- ગુજરાત સરકાર દ્વારા હંમેશાં ધરતીપુત્રોની ચિંતા કરવામાં આવે છે. ગુજરાતમાં હાલ મગફળી અને કપાસની ટેકાના ભાવથી ખરીદી કરવામાં આવી રહી છે. મગફળીનો બજારભાવ ૬૦૦-૬૫૦ હોવાથી ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે હેતુથી પ્રતિ ૨૦ કિલોના રૂ. ૯૦૦ના ભાવે રાજ્ય સરકાર દ્વારા ખરીદી કરવામાં આવી રહી છે. ભાજપની ખેડૂત હિતલક્ષી સરકાર આ રીતે ખેડૂતોની પડખે ઊભી હોય ત્યારે ખેડૂતોના પાકના વાજબી દામ નથી અપાતા, જેવી ભ્રામક વાતોથી ગુજરાતના ખેડૂતોનુ મોરલ ડાઉન કરવાનો કારસો કોંગ્રેસ છોડી દે.
- કપાસની ખેતી કરવાવાળા ખેડૂતોને ન્યૂનતમ સમર્થન મૂલ્ય પર ૧૦૦ રૂપિયા પ્રતિ ૨૦ કિલો બોનસ આપવામાં આવી રહ્યું છે. આ પરથી સહેજે ખ્યાલ આવે કે ભાજપની સરકાર ખેડૂતોની સરકાર છે. સરકારના હૈયે ખેડૂતોનું હિત વસેલું છે.
- રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭માં રૂ. ૧૭૭૦ કરોડના મૂલ્યની મગફળી અને તુવેરની જંગી ખરીદી કરવામાં આવી છે.
- આ ઉપરાંત વર્ષ ૨૦૧૬-૧૭માં ખેડૂતોને કુલ ૭૯૧૪.૭૧ કરોડ રૂપિયાની વીજળી અને ખાતરમાં સબસિડી આપવામાં આવી છે.
- ખેડૂતોને ૧ લાખ રૂપિયાનું વીમા કવચ આપવાનો સંવેદનશીલ નિર્ણય લેવામાં આવ્યો છે.
- સરકાર દ્વારા ૩ર લાખ રૂપિયા સુધી વ્યાજમુક્ત ધિરાણની સુવિધા પૂરી ઉપલબ્ધ કરાવવામાં આવી છે, જેનો લાભ રાજ્યના ૨૫ લાખ ખેડૂત પરિવારોને મળી રહ્યો છે. આ માટે રાજ્ય સરકારે ૭૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે.

## ‘સૌની યોજના’

- સૌની યોજનાનું કુલ કદ રૂ. ૧૬૬૭૮ રૂપિયા જેટલું છે.
- સૌની યોજનાના માધ્યમથી ૧૧૫ સૌરાષ્ટ્રના ડેમોમાં નર્મદા નદીનું પાણી ભરવામાં આવી રહ્યું છે.
- સૌની યોજનામાં અત્યાર સુધીમાં ૧૧,૦૦૦ મિલિયન ક્યૂબીક ફૂટ (એમસીએફટી). ઉદ્‌વહન કરીને ૨૦ ડેમ, ૪૮ તળાવો અને ૧૮૧ ચેકડેમોમાં પાણી ભરવામાં આવ્યું છે. સૌની યોજના એ સૌરાષ્ટ્રના લોકો માટે પાણી પૂરું પાડવાની નક્કર વાસ્તવિકતાવાળી યોજના છે. જે ડેમોમાં પાણી ભરવામાં આવ્યું એમાં મોરબીના મચ્છુ ૧, ૨ અને ૩ તથા બંગવાડી, જામનગરના ઉંડ - ૧, રાજકોટના આજી-૧ અને આજી-૩ તથા ખોડાપીપર, સુરેન્દ્રનગરના ધોળી ધજા, વડોદ અને નાયકા, બોટાદના ગોમા, કાનીયાડ, ભીમડાજ અને કૃષ્ણસાગર ડેમનો સમાવેશ થાય છે.
- રાજ્ય સરકાર દ્વારા સૌરાષ્ટ્રની ૮.૨૫ લાખ એકર જમીનને સિંચાઈનો લાભ આપવા માટે રૂ. ૧૩૦૦૦ કરોડથી વધારે માતબર રકમ ફાળવવામાં આવી છે.
- ૧૧૨૬ કિલોમીટર લાંબી પાઈપલાઈન દ્વારા ૧૦ લાખ એકરથી વધારે જમીનને સિંચાઈનો મળશે લાભ.
- દર વર્ષે ‘મા નર્મદા’નાં પાણી વ્યર્થ દરિયામાં વહી જતાં તેનો લાભ ‘સૌની યોજના’ દ્વારા એક મિલીયન એકર ફૂટ પાણી સોરાષ્ટ્રની જનતાને મળશે.
- ‘સૌની યોજના’ દ્વારા સૌરાષ્ટ્રના તરસ્યા વિસ્તારો નવપલ્લવિત થઈ રહ્યા છે. ખેડૂતો સમૃદ્ધ બની રહ્યા છે.

- સૌરાષ્ટ્રના સૂકા પ્રદેશમાં સૌની યોજનાને (સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઈરીગેશન યોજના)ના કારણે આજે જ્યાં નજર નાખો ત્યાં હરિયાળી જોવા મળી રહી છે.
- ભાજપ સરકાર દ્વારા જ્યાં ખાતમુહૂર્ત કરવામાં આવ્યાં છે તે યોજના પૂર્ણ સ્વરૂપમાં આકાર લે છે અને તેનું ઉદ્‌ઘાટન પણ ચોક્કસ સમયમર્યાદામાં જ કરે છે, એ જ અમારી સરકારની વિશ્વસનીયતા છે.
- 'મા નર્મદા' એ અમારી 'મા' છે અને 'સૌની યૌજના' એ અમારા માટે જીવાદોરી છે, ભલે વિપક્ષ તેને હવાઈ કિલ્લો કહીને તેની ઠેકડી ઉડાવે. ગુજરાતની શાણી જનતા આવનારા સમયમાં તેનો જવાબ ઈવીએમના માધ્યમથી આપી દેશે.
- સૌની યોજનાથી નાગરિકોની આર્થિક સમૃદ્ધિમાં વધારો થતાં તેઓનું સામાજિક અને શૈક્ષણિક સ્તર પણ ઊંચું આવ્યું છે. ખેડૂત પોતાના દીકરા-દીકરીના લગ્નપ્રસંગ ધામ-ધૂમથી કરી શકે છે તેમજ બાળકોને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ આપી શકે છે.

## સુજલામ્ સુફલામ્ યોજના

- ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે સુજલામ્ સુફલામ્ યોજના દ્વારા ઉત્તર ગુજરાતમાં મા નર્મદાના પાણી પહોંચાડવાનુ નક્કર આયોજન કરતા હતા ત્યારે રાજસ્થાનના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલ ગુજરાત પ્રદેશ કોંગ્રસના પ્રભારી એવા અશોક ગેહલોત પત્ર લખીને ઉત્તર ગુજરાત માટે પાણી પૂરું પાડનારી આ મહત્ત્વાકાંક્ષી યોજના આડે રોડાં નાખી રહ્યા હતા.
- સુજલામ્ સુફલામ્ યોજના કડાણાથી લઈને બનાસકાંઠાના રાહ ગામ સુધી ૩૩૨ કિલોમીટર લાંબી સ્પ્રેડિંગ કેનાલ અને નર્મદા મુખ્ય નહેર દ્વારા ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં પાણી પહોંચ્યું છે.
- સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત નર્મદા મુખ્ય નહેર આધારિત ૧૪ પાઈપલાઈનોની કામગીરી માટે રૂ. ૪૦૦૦ કરોડના ખર્ચે પૂર્ણ થઈ ગઈ છે.
- વાત્રક, માઝમ, મેશ્વો, હાથમતી, ગુહાઈ, મુક્તેશ્વર, ધરોઈ અને દાંતીવાડા પાઈપલાઈનથી જોડી દેવામાં આવી છે.
- સુજલામ્ સુફલામ્ યોજના કુલ આઠ જિલ્લાઓમાંથી પસાર થાય છે, જેના દ્વારા આ આઠ જિલ્લાનાં ૩૨ તાલુકાનાં ૪૫૯ ગામોનાં કુલ ૭૦૯ તળાવોમાં પાણી ભરવામાં આવ્યું છે, જેના પરિણામ સ્વરૂપે ૧.૮૮ લાખ એકર વિસ્તારમાં પાણીનું સ્તર ઊંચું આવ્યું છે.
- જ્યારે નરેન્દ્રભાઈએ ગુજરાતની શાસનધુરા સંભાળી ત્યારે ૩૮.૭ લાખ હેક્ટર વિસ્તાર સિંચાઈ અંતર્ગત આવતો હતો, જે આજે લગભગ બે ગણો થઈને ૬૨.૭૫ લાખ હેક્ટર થયો છે. જેનું સંપૂર્ણ શ્રેય શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદૃષ્ટિને જાય છે.
- આ યોજના દ્વારા કુલ ૩,૫૭,૯૦૩ એકર વિસ્તારને પૂરક સિંચાઈનો લાભ મળ્યો છે.
- સુજલામ્ સુફલામ્ યોજના દ્વારા ૬૭૯ ગામો તથા ૬ શહેરોને પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.
- ઉત્તર ગુજરાતમાં ભૂગર્ભજળ દર વર્ષે ૩ થી ૪ મીટર જેટલાં ઊંડાં જતાં રહેતાં હતાં જ્યારે આ યોજનાના અમલીકરણ બાદ ભૂગર્ભજળ સંચય થવાથી સ્તર ઊંડાણમાં જતાં અટક્યાં છે. જળસ્તર ૪ થી ૫ મીટર જેટલા ઊંચાં આવતાં સિંચાઈ માટે થતા વીજળી ખર્ચમાં બચત થઈ છે.

## આદિવાસી બાંધવોનો વિકાસ

- આદિવાસી બાંધવોને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વનબંધુનું સન્માનજનક નામ આપ્યું છે. તેમણે આદિવાસીઓના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક વિકાસ માટે રૂ. ૪૦,૦૦૦ કરોડની વનબંધુ વિકાસ યોજના અમલમાં મૂકીને એનું નક્કર અમલીકરણ ગુજરાતમાં કર્યું, જેના પરિણામે ગુજરાતના આદિવાસી બાંધવોનો સમગ્રતયા વિકાસ થયો છે. આજે ગુજરાતનો વનબંધુ દેશ વિદેશમાં રોજગાર-સ્વરોજગાર રળી રહ્યો છે. આદિવાસી વિસ્તારમાં પાણી, સિંચાઈ, આરોગ્ય, માર્ગ, પુલ, આવાસ વગેરે સવલતો પહોંચી છે.
- આ વર્ષે આદિવાસી સમાજ માટે રૂ. ૧૨,૫૬૦ કરોડની અંદાજપત્રીય જોગવાઈ કરીને વિકાસનાં કાર્યો કરવામાં આવી રહ્યાં છે.
- પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૬૭મા જન્મદિવસ પર લીમખેડાના વનવાસીઓ માટે સિંચાઈ અને પીવાના શુદ્ધ પાણી માટે રૂ. ૪,૮૦૦ કરોડ રૂપિયાના ખર્ચે આયોજન કરવામાં આવ્યું છે.
- આદિવાસી બંધુઓના સમગ્રતયા વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા મહત્ત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યાં છે. આદિવાસીઓ માટે 'પેસા' એક્ટને લાગુ કરીને તેનો અસરકારક રીતે અમલ કરવામાં આવ્યો છે.
- પેસા નિયમો હેઠળ તેના અમલની જવાબદારી રાજ્ય સરકારે ૫૦ આદિજાતિ તાલુકાઓની ૨,૫૮૪ ગ્રામ પંચાયતો હેઠળની ૪,૫૦૩ ગ્રામસભાઓને ગૌણ વનપેદાશો અને ગૌણ ખનીજો સહિત વિકાસના નિર્ણયો લેવાનો વિશેષાધિકાર આપ્યો છે. સાચા અર્થમાં રાજ્ય સરકાર દ્વારા જળ, જંગલ અને જમીનના હક્કો આદિવાસી બંધુઓને આપ્યા છે.
- સામાન્ય રીતે સિકલસેલ એનિમિયાની બીમારી આદિજાતિ સમાજના નાગરિકોમાં જોવા મળે છે. સિકલસેલ એનિમિયાના દર્દને દૂર કરવા માટે રાજ્ય સરકાર દ્વારા પરિણામલક્ષી કામગીરી હાથ ધરવામાં આવી છે. સિકલસેલ એનિમિયાના દર્દીઓને પ્રતિ માસ રૂ. ૫૦૦ની સહાય આપવામાં આવે છે.
- આદિવાસી યુવાનો ભણીગણી આગળ આવે તે માટે બહુમતી વસ્તી ધરાવતા આદિવાસી વિસ્તાર રાજપીપળા ખાતે આદિજાતિ યુનિવર્સિટીનું નિર્માણ કર્યું છે.
- આદિવાસી વિસ્તાર સાગબારા-ડેડિયાપાડા સમૂહ જળ વિતરણ યોજના અંતર્ગત સાગબારાનાં ૮૫, ડેડિયાપાડાનાં ૧૧૭ અને સોનગઢનાં ૧૪ ગામો મળીને કુલ ૨૧૬ ગામોમાં પીવાનું પાણી ઉપલબ્ધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.
- ૧૪ આદિવાસી જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ૫.૭૫ લાખ વિદ્યાર્થીઓના અભિભાવકો માટે 'અન્ન ત્રિવેણી' યોજના અંતર્ગત અનાજ ઉપલબ્ધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.
- એકલવ્ય રેસિડેન્સિયલ શાળાઓમાં પૂર્ણ પગારના શિક્ષકોની નિમણૂક કરવામાં આવી છે.
- આદિવાસી ખેડૂતોને કૃષિ માટે વીજળીનાં કનેક્શન આપવા માટે ૩૨૦ કરોડ રૂપિયા અને સાગરતટીય વિસ્તારોના ખેડૂતો માટે ૨૦૦ કરોડ રૂપિયા આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને તેનો અમલ કરવામાં આવી રહ્યો છે.
- આદિવાસી વિસ્તારોમાં ૧૦ કૉલેજના નિર્માણ માટે નિર્ણય લેવામાં આવ્યો છે.
- આદિવાસી સમાજના નાગરિકો IAS-IPS બને તે હેતુથી ટ્રેનિંગ સેન્ટરો શરૂ કરવામાં આવ્યાં છે.

## જીએસપીસીની સફળતા

- શહેરી ક્ષેત્રે ગેસ વિતરણમાં ગુજરાતનો હિસ્સો ભારતમાં ૬૪ ટકા રહ્યો છે. અને એમાં પણ ગુજરાત ગેસ લિમિટેડ ૪૬ ટકા જેટલો હિસ્સો ધરાવે છે.
- કોમર્શિયલ કસ્ટમરના ક્ષેત્રે ગુજરાતનો ૭૨ ટકા હિસ્સો છે અને તે પૈકી ગુજરાત ગેસ લિમિટેડનો ૫૦ ટકા હિસ્સો છે.
- આ ઉપરાંત આખા દેશમાં સીએનજી સ્ટેશનો પૈકી ગુજરાત ૩૪ ટકા સીએનજી સ્ટેશન ધરાવે છે અને જે પૈકી ૨૨ ટકા સીએનજી સ્ટેશન ગુજરાતમાં આવેલાં છે.
- એક મહત્ત્વપૂર્ણ બાબત એ પણ છે કે, વર્ષ ૨૦૧૫-૧૬માં **GSPC** દ્વારા સરેરાશ ૨૪.૫૬ **MMSCM** ગેસનું પ્રતિદિન પરિવહન કરવામાં આવ્યું છે.
- ઊર્જા અને પેટ્રોકેમિકલ ક્ષેત્રે સંશોધન અને અધ્યતન માટે **GSPC** વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે અને ગુજરાતમાં વિશ્વકક્ષાની પેટ્રોલિયમ યુનિવર્સિટીની સ્થાપના કરી હોનહાર યુવકોને આ ક્ષેત્રમાં કૌશલ્ય પ્રદાન કરવાનું મહત્ત્વપૂર્ણ કાર્ય થઈ રહ્યું છે.
- ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ૧૮૦૦ કિ.મી. જેટલો વ્યાપ ધરાવતી ગેસ પાઈપલાઈન નેટવર્કની સ્થાપના કરી ગુજરાતની જનતાને ગેસ પૂરો પાડવાનું મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું છે.
- ૧૨ લાખ જેટલાં ઘરોમાં ગેસ કનેક્શન પહોંચાડવાની નોંધપાત્ર સિદ્ધિ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા કરવામાં આવી છે.
- જીએસપીસી-કેજી બિસિનના મુદ્દે વિપક્ષ દ્વારા હંમેશાં જૂઠાણાં ચલાવવામાં આવી રહ્યાં છે, પરંતુ જીએસપીસી દ્વારા ભારતમાં કુદરતી ગેસના ભંડારો જ્યાં સૌથી વધુ માત્રામાં મળી આવેલ છે તેવા ક્રિશ્ના ગોદાવરી બેસીન સ્થિત કેજી-ઓએસએન-૨૦૦૧/૩ બ્લોક (કેજી બ્લોક)માં જીએસપીસી દ્વારા કુદરતી ગેસની કુલ નવ શોધો કરવામાં આવી છે.
- ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશનની સફળતાને પચાવી નહીં શકનારાઓ સતત વિરોધ કરી રહ્યા છે. કોંગ્રેસના લોકોને પેટ્રોલિયમ સંશોધનની સમજણનો અભાવ છે. તેઓ નથી ઈચ્છતા કે દેશ પેટ્રોલિયમ પેદાશોમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરે.
- ગુજરાત દેશનું એકમાત્ર રાજ્ય છે કે જ્યાં ગેસ આધારિત અર્થવ્યવસ્થા છે. ગુજરાતે જીએસપીસીના સહારે રાજ્યમાં વિશાળ ગેસ ગ્રીડ સ્થાપીને ઘરે-ઘરે ઘરેલુ ગેસ અને ઉદ્યોગોને પ્રદૂષણરહિત ગેસ પહોંચાડ્યો છે. જીએસપીસીના આવા સંનિષ્ઠ પ્રયાસોને વારંવાર વખોડનાર કોંગ્રેસ ગુજરાત વિરોધી માનસિકતાનું વરવું પ્રદર્શન કરી રહી છે.
- ભારતમાં ગેસ ઉત્પાદન કરતી **GAIL** (ગેઈલ) પછીની ગુજરાતની **GSPC** ગેસનું ટ્રેડીંગ કરતી બીજી સૌથી મોટી અને મહત્ત્વની કંપની છે.
- ગુજરાત એક એવું રાજ્ય છે કે જે કુદરતી ગેસનું એકત્રીકરણ અને વિતરણ કરવા માટેનું સુદૃઢ અને સુયોગ્ય માળખું ધરાવે છે.
- ઘર-વપરાશનાં ગેસનાં જોડાણ આપવામાં ગુજરાત ભારતભરમાં ૪૮ ટકા હિસ્સા સાથે અગ્રેસર છે અને તે પૈકી **GSPC**ની ભગિની સંસ્થા ગુજરાત ગેસ લિમિટેડ કંપનીનો ૩૪ ટકા હિસ્સો છે.
- ગુજરાતમાં બે એલ.એન.જી. ટર્મિનલ વિકાસ પામ્યાં છે.

- ભારતમાં શહેરી વિસ્તારમાં ગેસ વિતરણ માટે ગુજરાત વિશાળ નેટવર્ક ધરાવે છે, જેને માટે GSPC ગૃપની બે કંપનીઓ ગુજરાત ગેસ લિમિટેડ અને સાબરમતી ગેસ લિમિટેડ આ ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ યોગદાન આપે છે.
- ગુજરાતમાં આ બંને કંપનીઓ માત્ર શહેરી ક્ષેત્રે નહીં પણ શહેરી અને ગ્રામ્ય બંને ક્ષેત્રે પાઈપલાઈન દ્વારા સીએનજી અને પીએનજી ગેસ પૂરો પાડવાનું મહત્ત્વપૂર્ણ કાર્ય કરી રહી છે.
- જે લોકો પાસે સારું જોવાની ક્ષમતા જ નથી, જેમને કમળો થયો છે તે લોકો સ્વાભાવિક રીતે જ પીળું જ જોશે. હકીકતમાં તો GSPC એ ગેસ ઉત્પાદન, વિતરણ, સંશોધન અને અભ્યાસક્ષેત્રે બહુમૂલ્ય પ્રદાન કર્યું છે જેનો લાભ માત્ર ગુજરાત જ નહીં બલ્કે આખા ભારતને પ્રાપ્ત થઈ રહ્યો છે.
- જીએસપીસી દ્વારા ઓએનજીસીને કેજી બ્લોકમાંનો હિસ્સો તબદીલ કરવા પાછળનો મુખ્ય હેતુ જીએસપીસી અને ઓએનજીસી માટે બિઝનેસ સિનર્જીસ હાંસલ કરવાનો તેમજ વધુ પ્રમાણમાં સ્થાનિક કુદરતી ગેસનું ઉત્પાદન હાંસલ કરીને ભારતની હાઈડ્રોકાર્બન્સ આયાત નિર્ભરતામાં ઘટાડો કરવાનો છે.

## વાયબ્રન્ટ ગુજરાત દ્વારા અભૂતપૂર્વ મૂડીરોકાણ

- દેશમાં થયેલ મૂડીરોકાણમાં ગુજરાત પ્રથમ સ્થાને છે. વર્ષ - ૨૦૧૬-૧૭માં કુલ મૂડીરોકાણના ૨૨.૭ ટકા મૂડીરોકાણ માત્ર ગુજરાતમાં થયું છે.
- મૂડીરોકાણમાં ગુજરાત પછી દૂર-દૂર સુધી દેશનાં અન્ય રાજ્યો આવે છે, જેમાં ૮.૬ ટકા સાથે મહારાષ્ટ્ર બીજા ક્રમે અને ૮.૨ ટકા સાથે આંધ્રપ્રદેશ ત્રીજા સ્થાને આવે છે.
- વર્ષ ૧૯૯૧-૨૦૦૦માં ઔદ્યોગિક મૂડીરોકાણ ૧,૬૧,૩૦૦ કરોડ હતું, જે આજે વધીને ૨૦૧૬-૨૦૧૭માં ૧૨,૧૧,૭૪૦ કરોડ થયું છે.
- વર્ષ ૧૯૯૫-૯૬ની તુલનામાં ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૫ ગણો વધારો થયો છે. ૧૯૯૫-૯૬માં રૂ. ૮૫ હજાર કરોડથી વધીને આજે રૂ. ૧૨ લાખ ૭૦ કરોડ પર પહોંચ્યું છે.
- ઔદ્યોગિક ઉત્પાદનમાં ગુજરાત ૧૨,૭૦,૧૨૫ કરોડ સાથે નંબર એક પર છે.
- ૩૦૦૦ જેટલા આંતરરાષ્ટ્રીય ડેલિગેટ્સ સહિત ૭૫ હજાર જેટલા ડેલિગેટ્સ, ૨૫,૫૭૮ એમ.ઓ.યુ, ૧૬ કન્ટ્રી સેમિનાર, ૩ એક્શન સેમિનાર, ૪ રાજ્ય સેમિનાર, ૫૧ પ્રતિનિધિમંડળોની મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રી સાથેની ફળદાયી બેઠકો સાથે વાયબ્રન્ટ ગુજરાત - ૨૦૧૭ને અભૂતપૂર્વ સફળતા મળી.
- મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રે ગુજરાતનો હિસ્સો ૧૯૯૫-૯૬માં ૩૯ ટકાનો હતો, જે વધીને ૪૪.૩ ટકા જેટલો થયો છે.
- રાજ્યની ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ ૧૯૯૫માં રૂ. ૭૧,૮૮૬ કરોડ હતી, જે ૨૦૧૬-૧૭માં વધીને રૂ. ૧૦,૩૩,૭૯૧ કરોડ થઈ ગઈ છે, જે આશરે ૧૦ ગણી વૃદ્ધિ દર્શાવે છે.
- વર્ષ - ૨૦૦૩થી મલ્ટી-નેશનલ કંપનીઓ અને ભારતીય કંપનીઓ દ્વારા વિશાળ પાયા પર મૂડીરોકાણ કરવામાં આવ્યું છે. રોસનેફ્ટ, ફોર્ડ, સુઝુકી, હોન્ડા, એસએઆઈસી, બોશ, રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ટાટા ગૃપ, અદાણી ગૃપ, એસાર, આદિત્ય બિરલા ગૃપ, વેલ્સપન, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, એસકેએફ, શેલ, બીએએસએફ, નીવ્યા, ટેવા ફાર્મા, એબોટ્ટ, એપીએમ ટર્મિનલ્સ, મેક કેઈન ફૂડ્સ વગેરે કંપનીઓ દ્વારા મૂડીરોકાણ કરવામાં આવ્યું છે.
- વાયબ્રન્ટ ગુજરાતમાં હસ્તાક્ષર કરાયેલા કુલ મૂડીરોકાણના ૫૧.૪ ટકામાં કેટલાક સંપૂર્ણપણે શરૂ થઈ ચૂક્યા છે, જ્યારે કેટલાક અમલીકરણના છેલ્લા તબક્કામાં છે.

- વર્ષ ૨૦૧૧થી ૨૦૧૭ની વચ્ચે આયોજિત વાયબ્રન્ટ ગુજરાત સમિટમાં થયેલા મૂડીરોકાણના પરિણામે રાજ્યના ૨૩ લાખ લોકોને રોજગારી પ્રાપ્ત થઈ છે. ટેક્સટાઈલ, એપરલ્સ, ઈન્ડસ્ટ્રીયલ એન્ડ લોજિસ્ટિક પાર્ક, એન્જિનિયરિંગ અને ઓટોમોટિવ ઈન્ડસ્ટ્રીએ જ અંદાજિત ૩૩ ટકા રોજગારી પૂરી પાડવામાં પોતાનું યોગદાન આપ્યું છે.
- વાયબ્રન્ટ ગુજરાત સમિટમાં એમએસએમઈ ક્ષેત્રમાં થયેલા કુલ ૫૩,૧૩૮ એમઓયુમાંથી ૨૯,૪૬૧ એમઓયુનું અમલીકરણ પણ થઈ ગયું છે, જેનાથી ૫ લાખ યુવાનોને રોજગારી પ્રાપ્ત થઈ છે.
- છેલ્લા એક દાયકામાં, ગુજરાતમાં બંદરોની કાર્ગો હેન્ડલિંગ ક્ષમતા ૧૪૭.૫૯ મિલિયન ટનથી વધીને ૩૪૫.૭૪ મિલિયન ટનની થઈ છે. તેનાથી લાખો યુવાનોને રોજગારી મળી છે.
- ભાજપાના શાસનમાં ઓટોમોબાઈલ ક્ષેત્રમાં છેલ્લા એક દાયકામાં જબરજસ્ત વૃદ્ધિ થવા પામી છે. વૈશ્વિક સ્તરે ગુજરાતને ઓટોમોબાઈલ હબ તરીકે પ્રસિદ્ધ મળી છે. ફોર્ડ, મારુતિ સુઝુકી, એસએઆઈસી, હીરો મોટોકોર્પ, મેક્સિસ ટાયર્સ જેવી અનેક કંપનીઓએ મૂડીરોકાણ કર્યું છે. ઓટોમોબાઈલ સેક્ટર આજે ગુજરાત દ્વારા મેળવેલા કુલ એફડીઆઈના આશરે ૧૫ ટકા હિસ્સો ધરાવે છે.
- ગુજરાત ફોર્ડ, હોન્ડા, ટાટા, મારુતિ સુઝુકી, એસએઆઈસી, હીરો મોટોકોર્પ, મેક્સિસિસ ટાયર્સ જેવા કેટલાક મોટા ભાગના ઓટોમોટિવ ઉત્પાદકોનું ઘર બની ગયું છે. ઓટોમોબાઈલ સેક્ટર આજે ગુજરાત દ્વારા મેળવેલા કુલ એફડીઆઈના આશરે ૧૫ ટકા હિસ્સો ધરાવે છે.
- ગુજરાત એક પાવર સરપ્લસ રાજ્ય છે. ગુજરાતમાં સ્થાનિક અને વિદેશી કંપનીઓ દ્વારા મુખ્ય કોલસો, સૌર અને પવનઊર્જા આધારિત ઉત્પાદન એકમોની સ્થાપના કરવામાં આવી છે, અને આજે રાજ્ય ૨૪ **X** ૭ વીજ પુરવઠો ધરાવે છે. કોસ્ટલ પાવર ગુજરાત લિમિટેડ ભારતનો સૌ પ્રથમ ૪૦૦૦ મેગાવોટનો પ્લાન્ટ છે જેનો લાભ ભારતનાં પાંચ રાજ્યોને મળી રહ્યો છે. તેવી જ રીતે, સુઝલોન એનર્જી કંપની દ્વારા કચ્છમાં વિશ્વનો સૌથી ઊંચા પવન ટાવરનું નિર્માણ કરવામાં આવ્યું છે, જે ૧૨-૧૫% વધુ ઊર્જા પેદા કરે છે.
- વાયબ્રન્ટ સમિટ દ્વારા ગુજરાતે ઘણા વિકસિત દેશો સાથે મજબૂત સંબંધો સ્થાપિત કર્યા છે. જાપાન વર્ષ - ૨૦૦૩થી વાયબ્રન્ટ ગુજરાતનો ભાગીદાર દેશ છે. આજે ગુજરાત અને જાપાન સરકારના સંયુક્ત પ્રયાસોને પરિણામે ગુજરાતમાં અત્યાર સુધીમાં ૮૦થી વધારે કંપનીઓ દ્વારા ૧ બિલિયન અમેરિકન ડૉલર મૂડીરોકાણ કરવામાં આવ્યું છે. જાપાન દ્વારા અમદાવાદ મેટ્રો અને અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન જેવા ગુજરાતનાં ફ્લેગશિપ પ્રોજેક્ટ્સને સપોર્ટ કરે છે.
- ગુજરાતમાં ૮૦થી વધારે જાપાનીઝ કંપનીઓ, ૮૦ ઉપરાંત જર્મન કંપનીઓ, ૨૦થી વધારે સ્વિડિશ કંપનીઓ, ૨૦ ઉપરાંત ફ્રેન્ચ કંપનીઓ સહિત ૧૫થી વધારે ચાઈનીઝ કંપનીઓ આજે સક્રિય રીતે હાજરી ધરાવે છે.
- છેલ્લા બે દાયકામાં ગુજરાતમાં થયેલા આ જબરજસ્ત ઔદ્યોગિક વિકાસના પાયામાં વાઈબ્રન્ટ ગુજરાતનાં સફળ આયોજનો જ છે.

## જીઆઈડીસીની સફળતા

- ઉદ્યોગ વિકાસને સુપેરે સમજતી ભાજપાની સરકારે જીઆઈડીસી-ઔદ્યોગિક વસાહતોને યોગ્ય મહત્ત્વ આપ્યું છે, જેને પરિણામે અત્યારે ગુજરાતમાં GIDCની કુલ સંખ્યા ૨૧૮ ઉપર પહોંચી છે.
- રાજ્યમાં તાજેતરમાં જ ૧૬ નવી ઔદ્યોગિક વસાહતોનું નિર્માણ થવાનું છે, પરિણામે રાજ્યના ઔદ્યોગિક વિકાસને વધુ વેગ મળશે.

- કોંગ્રેસના સમયમાં એટલે કે ૧૯૯૫-૯૬માં માત્ર ૧,૭૮,૬૨૭ MSME હતા જે આજે ભાજપના શાસનકાળમાં ડબલ થયા છે, ૩,૭૬,૩૫૭ જેટલા MSME છે, આને વિકાસ ના કહેવાય તો પછી બીજું શું કહેવાય ?
- ૧૯૯૫-૯૬માં ઔદ્યોગિક ક્ષેત્રમાં ૯,૫૬,૬૪૪ કામદારો કામ કરી રહ્યા હતા જેમાં વિક્રમજનક વધારો નોંધાયો છે. આજે ૧૪,૬૨,૨૦૬ જેટલા લોકોને રોજગારી પ્રાપ્ત થઈ રહી છે.
- સમગ્ર ભારતના કુલ ઉત્પાદનમાં ૧૯૯૫-૯૬માં ૧૨.૬૫ ટકા હિસ્સો હતો, જેમાં ૬ ટકા જેટલો વધારો થતાં આજે ૧૮.૪૪ ટકા થયો છે.
- વર્ષ ૧૯૯૫-૯૬માં રૂ. ૮૪,૮૦૮ કરોડનું ઔદ્યોગિક ઉત્પાદન હતું તે આજે વધીને રૂ.૧૨,૭૦,૧૨૫ કરોડ જેટલું થયું છે.
- ૧૯૯૫-૯૬માં ગુજરાતમાં માત્ર ૧૩,૭૭૦ ફેક્ટરી હતી, જે આજે ૧૦ હજાર વધારો થતાં ૨૩,૪૩૩ થઈ છે.
- ગુજરાતમાં ૧૯૯૫-૯૬માં ખનીજ ક્ષેત્રે ૨૭૬૨.૧૨ કરોડ રૂપિયાનું ઉત્પાદન થતું હતું, જેમાં ૫ ગણો વધારો થયો છે. ૨૦૧૪-૧૫માં ૧૫,૭૧૫.૨ કરોડ જેટલું થયું છે.
- સૂક્ષ્મ, લઘુ અમે મધ્યમ કદના ઉદ્યોગો માટે MSME આયોગની સ્થાપના કરતું પ્રથમ રાજ્ય ગુજરાત છે.
- વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૭માં ૨૫,૫૭૮થી વધારે MOU પર હસ્તાક્ષર થયા હતા, જેમાં ૧૮,૦૦૦થી વધારે MSME માટે MOU કરવામાં આવ્યા હતા.
- નાના, મધ્યમ કદના ઉદ્યોગોને પ્રોત્સાહન પૂરું પાડવા માટે રૂ. ૧ હજાર કરોડના વિશેષ પેકેજ જાહેર કરી તેનો અમલ કરવામાં આવી રહ્યો છે. જેનાથી લાખો યુવાનોને રોજગારી પ્રાપ્ત થઈ રહી છે.
- માઈક્રો, સ્મોલ અને મધ્યમ પ્રકારના ઉદ્યોગોને વિશેષ મહત્ત્વ આપી અમારી સરકારે સ્વરોજગાર ક્ષેત્રે બહુ મોટી હરણફાળ ભરી છે.
- ભાજપ સરકારે મહિલા ઉદ્યોગ સાહસિકોને વિશેષ પ્રાધાન્ય આપીને અમદાવાદના સાણંદમાં, વડોદરાના હાલોલમાં, ભરૂચમાં ઝૂનેદ અને સુરતના બારડોલી ક્ષેત્રમાં મહિલા જીઆઈડીસીની સ્થાપના કરી છે.

## કલ્પસર યોજના

- ભાજપ સરકાર દ્વારા લોકોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને આધુનિક ટેક્નોલોજીના ઉપયોગથી જળસંચય ક્ષેત્રે ગુજરાતે ક્રાંતિ સર્જી છે. રાજ્ય સરકાર દ્વારા નાની, મધ્યમ અને મોટી સિંચાઈ યોજનાઓનું અસરકારક અમલીકરણ કરવામાં આવ્યું છે. ગુજરાતે પાણીનું પાણીદાર આયોજન કર્યું છે.
- કલ્પસર યોજના પરિપૂર્ણ કરવા માટે મહત્ત્વપૂર્ણ ૪૧ પ્રકારનાં સંશોધનો કરવાની આવશ્યકતા હતી, જે પૈકી ૩૬ સંશોધનો પરિપૂર્ણ કરવામાં આવ્યાં છે અને આગામી જૂન-૨૦૧૯ સુધીમાં આ કાર્યવાહી સંપૂર્ણ સંપન્ન થશે અને એની ઉપર અમલીકરણ શરૂ કરવામાં આવશે.
- રૂ. ૪૩૩૬કરોડના ખર્ચે ભરૂચ ખાતે ભાડભૂતમાં કલ્પસરના બેરેજનું તાજેતરમાં ગુજરાતના પનોતા પુત્ર અને ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખાતમુહૂર્ત કર્યું. અહીં ૫૯૯ મિલીયન કયુબીક મીટર મીઠા પાણીનો સંગ્રહ થશે.
- કલ્પસર યોજનાના પરિણામે ભરૂચ અને તેની આસપાસના વિસ્તારોમાં જમીનની ખારાશ વધતી અટકશે.

- સમગ્ર કલ્પસર યોજના રૂ. ૯૧ હજાર કરોડના ખર્ચે ૨૫ લાખ એકર જમીનમાં સિંચાઈની સુવિધા પૂરી પાડશે.
- ગુજરાતમાં પશ્ચિમ તરફ વહેતી નદીઓના પાણી દરિયામાં વ્યર્થ વહી જતાં અટકાવીને મીઠા પાણીનું વિશાળ સરોવર બનાવી પાણીનો સંગ્રહ કરવાની ગુજરાતની ભાજપા સરકારની આ એક મહત્ત્વપૂર્ણ મહત્ત્વાકાંક્ષી યોજના છે.

## ધોલેરા યોજના

- ધોલેરા એ ડીએમઆઈસીટી ટ્રસ્ટ અને ગુજરાત સરકારનું સંયુક્ત સાહસ છે કે જે રૂ. ૪૪૨૩ કરોડના ખર્ચે માળખાગત સુવિધા ઊભી કરવા માટેનું એક મહત્ત્વાકાંક્ષી પગલું છે, જે પૈકી ૩૫ ટકા માર્ગ બાંધકામ અને માળખાગત સુવિધાઓનું કામ પરિપૂર્ણ થઈ ગયું છે, જેમાં રૂ. ૨૭૦૦ કરોડના ખર્ચે માર્ગ, પાણી, વીજળી, સેનિટેશન વગેરે માળખાગત સુવિધા અંગેનાં કામો પ્રગતિમાં છે.
- ધોલેરા ઈન્ડસ્ટ્રીયલ સીટીનો પ્રોજેક્ટ વર્લ્ડ કલાસ સેન્ડીયાગો, સાઉથ કોરિયા જેવા પ્રોજેક્ટની સમકક્ષ થવા જઈ રહ્યો છે. આ માટેનું પ્રાથમિક માસ્ટર પ્લાનિંગ પરિપૂર્ણ થઈ ચૂક્યું છે.
- ધોલેરા એ વિશ્વનું પ્રથમ એવું શહેર બનશે કે જે 'પ્લેટીનિયમ' કેટેગરીમાં પ્રમાણિત કરીને વિશ્વનું સૌથી હરિયાળું શહેર બનવા જઈ રહ્યું છે.
- ભાવનગર અને અમદાવાદ સાથે ધોલેરા શહેરને સિક્સલેન માર્ગ સુવિધાથી જોડવાનું આયોજન છે.
- ધોલેરા શહેરનો વિકાસ થતાં ખારાપાટની જમીન કે જ્યાં ખેડૂતોને કોઈપણ પ્રકારની ઊપજ નહોતી મળતી એ જમીનમાલિકોને તેમની જમીનના યોગ્ય દામ મળશે.
- યુરોપની વિશાળ નેટવર્ક ધરાવતી એરબસ કંપનીએ એરક્રાફ્ટ ક્ષેત્રે વિવિધ ભાગોના એકત્રીકરણ, મરામત, પ્રશિક્ષણ પૂરાં પાડવા માટે સમજૂતી કરારો કર્યા છે.
- ધોલેરા ઔદ્યોગિક વસાહતમાં ઝડપી અને પારદર્શક પદ્ધતિથી ઓનલાઇન ઈલેક્ટ્રોનિક વ્યવસ્થા સુનિશ્ચિત કરી ઉદ્યોગકારોને જમીન ફાળવણીની વ્યવસ્થા કરવામાં આવી છે, જે અંતર્ગત ૧૭ દિવસમાં જમીનની ફાળવણી અને ૯૦ દિવસમાં કબજો સુપ્રત કરી સરકારે પારદર્શક વહીવટની અનોખી મિસાલ પ્રસ્થાપિત કરી છે.


## આરોગ્યસેવા

- ગુજરાતમાં અગાઉ બાળ મૃત્યુદર (પ્રતિ ૧૦૦૦) ૬૨ હતો જે આજે ઘટીને ૩૩ થઈ ગયો છે. આ જ પ્રકારે ૧૯૯૯-૨૦૦૧માં માતા મૃત્યુદર ૨૦૨ (પ્રતિ ૧,૦૦,૦૦૦) હતો જે વર્ષ ૨૦૧૧-૧૩માં ઘટીને ૧૧૨ થઈ ગયો છે. આ આંકડા જ બતાવી આપે છે કે ગુજરાતમાં આરોગ્યસેવામાં અત્યંત સુધારો થયો છે જ્યારે કોંગ્રેસના લોકો ગુજરાતને બદનામ કરતાં કહે છે કે ગુજરાતમાં આરોગ્યસેવાઓ કથળી છે.
- ગુજરાતમાં ૨૭.૧૨ લાખ પરિવારોને 'મા વાત્સલ્ય કાર્ડ' આપવામાં આવ્યું છે. આ યોજના અંતર્ગત રૂ. ૧.૫૦ લાખ સુધીની આવક ધરાવતા ૫૦ લાખ પરિવારોની નોંધણી કરવામાં આવી છે, જે અંતર્ગત રૂ. ૯૯૮ કરોડ રૂપિયાના ખર્ચે ૭,૨૮,૦૦૦ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત ગંભીર પ્રકારની બીમારીમાં ૨ લાખ રૂપિયા સુધી લાભ આપવા માટેની જોગવાઈ કરવામાં આવી છે.

- ‘મા અમૃતમ્’ અને ‘વાત્સલ્ય’ યોજના અંતર્ગત ગુજરાતમાં ગરીબ અને વંચિત વર્ગના નાગરિકોની ચિંતા રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે.
- મા અમૃતમ્ યોજના અંતર્ગત ૨૨.૬૩ લાખ પરિવારોને મા અમૃતમ્ કાર્ડ આપવામાં આવ્યાં છે, તેઓને શ્રેષ્ઠ સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે.
- મા અને મા વાત્સલ્ય યોજના અંતર્ગત ગુજરાતના આશરે ૫૦ લાખ જેટલાં કુટુંબો, ગરીબ અને વંચિત વર્ગના લોકો વધારે પ્રમાણમાં લાભ લઈ શકે તે માટે ગુજરાત સરકાર દ્વારા આવકની મર્યાદા વધારીને વાર્ષિક રૂ. ૨.૫૦ લાખ કરવામાં આવી છે.
- ગુજરાતનાં છેવાડાનાં ગામડાંઓમાં વસવાટ કરતા નાગિરકો માટે ગુણવત્તાયુક્ત સ્વાસ્થ્ય-સેવાઓ પૂરી પાડવા માટે નિર્ણાયક સરકાર દ્વારા ૨૭ પ્રકારની અલગ-અલગ દવાઓની સાથે પેટા સ્વાસ્થ્ય કેન્દ્રોમાં ડૉક્ટર્સને અઠવાડિયામાં બે દિવસ હાજરી આપવી જરૂરી છે. જેનાથી આરોગ્યની સેવાઓને ગ્રામ્ય વિસ્તાર સુધી લઈ જવામાં મદદ મળી રહી છે.
- અગાઉ ૫૫,૦૦૦ રૂપિયાની કિંમતે સ્ટેન્ટ આપવામાં આવતું હતું, જેના આજે ઘટીને માત્ર ૭,૨૬૦ રૂપિયા થયા છે, જ્યારે ૧,૬૦,૦૦૦ રૂપિયાની કિંમતના સ્ટેંટના આજે રૂપિયા ૨૯,૬૦૦ કરી દેવામાં આવ્યા છે.
- અગાઉ ઘૂંટણના રિપ્લેસમેન્ટ માટે ૧,૬૦,૦૦૦ રૂપિયા થતા હતા જે ઘટીને આજે ૫૪,૪૯૦ રૂપિયા થાય છે. ગુજરાતના ગરીબ અને વંચિત વર્ગના લોકો માટે આ યોજના સાચા અર્થમાં વરદાનરૂપ સાબિત થઈ છે.
- ગરીબોને બજારભાવ કરતાં ૪૦ થી ૮૦ ટકા સસ્તી દવાઓ પૂરી પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા ૫૦૦ સ્થળો પર પંડિત દીનદયાળ ઉપાધ્યાય જન ઔષધિ કેન્દ્રો ખોલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે અંતર્ગત પ્રથમ તબક્કામાં ૧૪૫ કેન્દ્રોને શરૂ કરીને માત્ર ૧૦ મહિનાના ટૂંકા સમયગાળામાં ૬૦ કરોડ રૂપિયાની જેનેરિક દવાઓનો લાભ ૧૪ લાખ ગરીબ લાભાર્થીઓને આપવામાં આવ્યો છે, જેનાથી ગરીબોના ૩૮ કરોડ રૂપિયાની બચત થઈ છે.
- આદિવાસી વિસ્તારોમાં જોવા મળતા સિકલસેલ એનિમિયાના દર્દીઓ માટે પ્રતિ માસ ૫૦૦ રૂપિયાની આર્થિક સહાય પૂરી પાડવામાં આવી રહી છે. પરિણામે સિકલસેલ એનિમિયાથી પીડિત વનબંધુઓના સ્વાસ્થ્યમાં સુધારો આવ્યો છે.
- વર્ષ - ૧૯૯૫-૯૬માં ગુજરાતમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની સંખ્યા ૯૫૭ હતી જે આજે વધીને ૨૦૧૬-૧૭માં ૧,૩૯૩ થઈ છે.
- વર્ષ - ૧૯૯૮માં ૧૩.૩૫ લાખ કુપોષિત બાળકો હતાં જેમાં ભારે માત્રામાં ઘટાડો નોંધાયો છે, આજે ૨.૧૦ લાખ બાળકો કુપોષિત છે.
- મા યોજના અંતર્ગત ૬૨૫ પ્રોસિજર્સનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- વર્ષ - ૧૯૯૫-૯૬માં ડૉક્ટરોની સંખ્યા માત્ર ૨૬,૪૩૪ હતી, જેમાં ૩૫,૦૦૦થી વધારે ડૉક્ટરોની સંખ્યા વધીને ૬૧,૨૧૪ જેટલી થઈ છે.
- ૧૯૯૫-૯૬માં મીડવાઈફ નર્સોની સંખ્યા ૧૮,૧૮૩ થઈ હતી, જે વર્ષ ૨૦૧૬ -૧૭માં ત્રણગણો વધારો થતાં ૫૪,૫૧૧ થઈ છે.
- વર્ષ ૧૯૯૫-૯૬માં સંસ્થાકીય પ્રસૂતિ માત્ર ૩૬ ટકા હતી જે આજે વધીને ૯૮.૯ ટકા જેટલી થઈ છે.

# હું છું વિકાસ

# હું છું ગુજરાત



## ગુજરાત નંબર વન

- એવરેજ ગ્રોથ રેટમાં ગુજરાત નંબર વન છે.
- ઈન્ડસ્ટ્રિયલ આઉટ પુટમાં ગુજરાત નંબર વન છે.
- એક્સપોર્ટમાં ગુજરાત નંબર વન છે.
- મગફળીના ઉત્પાદનમાં ગુજરાત નંબર વન છે.
- કપાસના ઉત્પાદનમાં ગુજરાત નંબર વન છે.
- જીરા-મસાલાના ઉત્પાદનમાં ગુજરાત નંબર વન છે.
- દરિયાઈ મત્સ્ય ઉત્પાદનમાં ગુજરાત નંબર વન છે.
- સૌર ઊર્જા ઉત્પાદનમાં ગુજરાત અગ્રેસર છે.
- રોજગાર કેન્દ્રોના પ્લેસમેન્ટમાં ગુજરાત નંબર વન છે.
- સૌથી ઓછા બેરોજગારી દરમાં ગુજરાત નંબર વન છે.
- નોન મેજર પોર્ટ દ્વારા કાર્ગો હેન્ડલીંગમાં ગુજરાત નંબર વન છે.
- ઈંદિરા ગાંધીના વખતથી વીસ મુદ્દા અમલીકરણમાં ગુજરાત નબંર વન છે.
- ૩૮ - ૩૮ એવાં ઈંડિકેટર છે કે, જેમાં ગુજરાત ટોપ થ્રીમાં છે.
- ૬૩ ઈંડિકેટર એવાં છે કે, જેમાં ગુજરાત ટોપ ફાઈવ રાજ્યમાં છે.

આ બતાવે છે કે, ગુજરાતમાં ભાજપની સરકાર સાતત્યપૂર્ણ રીતે ગુજરાતના વિકાસમાટે કટિબદ્ધ છે.

# નંબર ૧ ગુજરાત

# ગુજરાતના ગૌરવ સમાન ગુજરાતની ભાજપ સરકારે પ્રાપ્ત કરેલાં કરેલાં વિવિધ એવોર્ડસ

- ગુજરાત રાજ્યના સુરક્ષા સેતુ ઓફ સિટી સુરતના પોલીસ કમિશ્નરને કેન્દ્ર સરકારના એડમિનિસ્ટ્રેટિવ રીફોર્મ અને ઈલેક્ટ્રોનિક ઈન્ફર્મેશન ટેક્નોલોજી વિભાગ તરફથી સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયેલ છે.
- ભૂકંપ દરમિયાન જીવન બચાવવા માટે, નુકસાન બચાવવા માટે ઇ-ગવર્નન્સ અંતર્ગત સિસ્મોલોજી મોનીટરીંગ દ્વારા કરવામાં આવેલ કામ બાબતે કેન્દ્ર સરકારના એડમિનિસ્ટ્રેટિવ રીફોર્મ અને પબ્લિક ગ્રીવેન્સીઝ તેમજ ઈલેક્ટ્રોનિક એન્ડ ઈન્ફર્મેશન ટેક્નોલોજી દ્વારા સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયેલ છે.
- ઈન્ડસ્ટ્રી એન્ડ માઈન્સ વિભાગ અંતર્ગત કામ કરતું ઈન્ડેક્ષ-બીએ ઈન્વેસ્ટર સપોર્ટ સીસ્ટમ સોફ્ટવેર હેઠળ કરેલ કામના સંદર્ભમાં કેન્દ્ર સરકારના એડમિનિસ્ટ્રેટિવ રીફોર્મ અને ઈન્ફર્મેશન ટેક્નોલોજી દ્વારા સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરેલ છે.
- ફૂડ, સિવિલ સપ્લાય અને કન્ઝ્યુમર્સ વિભાગ દ્વારા 'બાર કોડેડ રેશન કાર્ડ' અને ફાસ્ટ અને વિશ્વસનીય ડિલિવરી સિસ્ટમ માટે બાયોમેટ્રીક ફૂડ કૂપન સીસ્ટમ ડેવલપ કરવા બાબત કેન્દ્ર સરકારના એડમિનિસ્ટ્રેટિવ રીફોર્મ અને ઈન્ફર્મેશન ટેક્નોલોજી દ્વારા સિલ્વર ચંદ્રક પ્રાપ્ત કરેલ છે.
- એલીમેન્ટરી કાઉન્સીલ ઓફ એજ્યુકેશન, ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન દ્વારા કરેલ જી.આઈ.એમ. સ્કૂલ મેપીંગ - જેની એલીમેન્ટરી એજ્યુકેશનની માહિતી લોકો સુધી પહોંચાડવા બાબતે એડમિનિસ્ટ્રેટિવ રીફોર્મ અને ઈન્ફર્મેશન ટેક્નોલોજી દ્વારા સિલ્વર ચંદ્રક પ્રાપ્ત કરેલ છે.
- ભારત સરકારના ઉપરાષ્ટ્રપતિ માન. શ્રી હમીદ અંસારી દ્વારા રેસિડેન્ટ કમિશ્નરશ્રી, ગુજરાતને મોસ્ટ કોમ્પિટેટીવ સ્ટેટ ઍવોર્ડ આપવામાં આવેલ છે.
- ગુજરાત સરકારની ઓન લાઇન વોટીંગ સિસ્ટમને એડમિનિસ્ટ્રેટિવ રીફોર્મ અને ઈન્ફર્મેશન ટેક્નોલોજી દ્વારા ઍવોર્ડ પ્રાપ્ત થયેલ છે.
- ગુજરાત રાજ્યને ઇ-ગવર્નન્સ કેટેગરીમાં કેન્દ્ર સરકારના મિનિસ્ટ્રી ઓફ પર્સનલ દ્વારા One-Fourth ઍવોર્ડસ આપવામાં આવેલ છે.
- ગુજરાત સરકારને ૨૦૧૧-૧૨ કામ માટે નામદાર રાષ્ટ્રપતિશ્રી દ્વારા Total food Grain Production Award આપવામાં આવેલ છે.
- નાગરિક કેન્દ્રીય વિભાગમાં રાજ્ય સરકારના ઇ-મમતા, માતા અને બાળક ટ્રેકીંગ એપ્લીકેશન, હેલ્થ રૂરલ મિશન, હેલ્થ અને ફેમિલી વેલ્ફેર વિભાગ દ્વારા એડમિનિસ્ટ્રેટિવ રીફોર્મ અને ઈન્ફર્મેશન ટેક્નોલોજી દ્વારા સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરેલ છે.
- નાગરિક કેન્દ્રની સેવા માટે રાજ્ય સરકારની સ્વાગત-સ્ટેટ વાઇડ ગ્રોવસીઝ ટેકનોલોજીના ઉપયોગ મારફતે, મુખ્યમંત્રીશ્રીની ઑફિસ, ગુજરાત રાજ્યને એડમિનિસ્ટ્રેટિવ રીફોર્મ અને ઈન્ફર્મેશન ટેક્નોલોજી દ્વારા સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયેલ છે.
- ગુજરાત સરકારને સારું વહીવટી તંત્ર, સારી લોકસેવાઓ, પારદર્શકતામાં સુધારો અને જવાબદારીઓ માટે યુનાઇટેડ નેશન્સ સર્વિસીસ દ્વારા ઍવોર્ડ આપવામાં આવેલ છે.
- ઇ-ગવર્નન્સ કોન્ફરન્સ ખાતે આઇ.સી.ટી. સુવિધાઓમાં સમાંતર તબદીલીઓ માટે ભારત સરકાર દ્વારા એડમિનિસ્ટ્રેટિવ રીફોર્મ અને ઈન્ફર્મેશન ટેક્નોલોજી દ્વારા સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયેલ છે.

- ગુજરાત સરકારને સૌથી વધુ સરળ સ્ટેટ પોર્ટલ માટે ઈ-ગર્વનન્સ મેગેઝીન દ્વારા ઍવોર્ડ આપવામાં આવેલ છે.
- સુરત શહેરમાં પરિવહન અને તેના પીપીપી સંકલન માટે ઈન્સ્ટિટ્યૂટ ઓફ અર્બન ટ્રાન્સપોર્ટ હેઠળ ઍવોર્ડ ફોર એક્સલન્સનો ઍવોર્ડ આપવામાં આવેલ છે.
- વેટ માહિતી સિસ્ટમ માટે નાસ્કેમ દ્વારા આઈ.ટી. યુઝર્સ ઍવોર્ડ ૨૦૦૮ આપવામાં આવ્યો છે.
- પર્યાવરણીય સાતત્યપૂર્ણ ઉત્કૃષ્ટ વિકાસ માટે ભારત સરકાર એડમિનિસ્ટ્રેટિવ રીફોર્મ અને ઈન્ફર્મેશન ટેક્નોલોજી દ્વારા સ્કોપ ઍવોર્ડ ગુજરાત સરકારને આપવામાં આવેલ છે.
- ગુજરાત સરકારને ઈ-ગ્રામ વિશ્વ મિશનને ડિજિટલ સેવાઓ ગ્રામસ્તર સુધી ચલાવવા માટેના પ્રયત્ન બદલ સાઉથ આફ્રિકાના લોકસેવા અને વહીવટી તંત્ર દ્વારા આંતરરાષ્ટ્રીય ઈનોવેશન ઍવોર્ડ ૨૦૦૮ આપવામાં આવેલ છે.
- ગુજરાત સરકારને કુદરત અને વન્ય જીવનના સંવર્ધન અને શોધપ્રવૃત્તિ માટે ભારત સરકારના એડમિનિસ્ટ્રેટિવ રીફોર્મ અને ઈન્ફર્મેશન ટેકનોલોજી દ્વારા વાઈલ્ડ લાઈફ સંરક્ષણ ઍવોર્ડ ૨૦૦૬ આપવામાં આવેલ છે.
- ગુજરાત સરકારને કુષ્ઠરોગના ફેલાવાને અટકાવવાના પ્રયત્નો, કુષ્ઠરોગીની સારવાર અને પુનઃવસનનાં કાર્યો માટે ભારત સરકારના એડમિનિસ્ટ્રેટિવ રીફોર્મ અને ઈન્ફર્મેશન ટેક્નોલોજી દ્વારા નોન સ્કાલપેલ વેસક્ટોમી એવૉર્ડ પ્રાપ્ત કરેલ છે.
- પેયજલ વિતરણ વ્યવસ્થાને ગ્રામ વિસ્તારોમાં ઈનોવેટિવ ભાગીદારી માટે ભારત સરકારના એડમિનિસ્ટ્રેટિવ રીફોર્મ અને ઈન્ફર્મેશન ટેક્નોલોજી દ્વારા ઉત્કૃષ્ટ સેવાઓ અને વહીવટ માટે પ્રધાનમંત્રી ઍવોર્ડ ૨૦૦૬ પ્રાપ્ત થયેલ છે.
- ગુજરાત સરકારને નિર્મળ ગ્રામ પુરસ્કાર હેઠળ વર્ષ ૨૦૦૭-૦૮ માટે ૧૩૧૫ ગ્રામ પંચાયતોને સેનિટેશન ચળવળ માટે રાષ્ટ્રપતિ ઍવોર્ડ આપવામાં આવેલ છે.
- ગુજરાત સરકારના ઊર્જા વિતરણના સીમા ચિહ્નરૂપ કાર્યવાહી માટે ભારત સરકારના એડમિનિસ્ટ્રેટિવ રીફોર્મ અને ઈન્ફર્મેશન ટેક્નોલોજી દ્વારા ઉર્જા ઉપયોગીતા માટે રાષ્ટ્રીય ઍવોર્ડ પ્રાપ્ત થયેલ છે.
- રાજ્યની સરકારી સેવાઓ અને પ્રક્રિયાના સરળીકરણના ઉત્કૃષ્ટ દેખાવ માટે ભારત સરકાર દ્વારા એડમિનિસ્ટ્રેટિવ રીફોર્મ અને ઈન્ફર્મેશન ટેકનોલોજી ઈ-ગવર્નન્સ માટે રાષ્ટ્રીય ઍવોર્ડ ૨૦૦૭-૦૮ આપવામાં આવેલ છે.
- જાનુરમાં અંતર્ગત સુવિધાઓમાં નાણાકીય સ્થિરતા અને સાતત્ય માટે ભારત સરકાર દ્વારા એડમિનિસ્ટ્રેટિવ રીફોર્મ અને ઈન્ફર્મેશન ટેક્નોલોજી ઉત્કૃષ્ટ ઍવોર્ડ આપવામાં આવેલ છે.
- સોલાર કૂકરના વ્યાપક વિતરણ માટે ભારત સરકાર દ્વારા એડમિનિસ્ટ્રેટિવ રીફોર્મ અને ઈન્ફર્મેશન ટેકનોલોજી રીન્યુએબલ એનર્જી માટે રાષ્ટ્રીય ઍવોર્ડ આપવામાં આવેલ છે.
- ભારતીય ખેતપેદાશ ઉત્પાદકતામાં વધારા માટેની રાષ્ટ્રીય સેવા માટે ભારત સરકાર દ્વારા એડમિનિસ્ટ્રેટિવ રીફોર્મ અને ઈન્ફર્મેશન ટેક્નોલોજી રાષ્ટ્રીય ઉત્પાદકતા ઍવોર્ડ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ માટે આપવામાં આવેલ છે.
- ગુજરાત સરકારને સ્લમ નેટવર્કિંગ કાર્યક્રમ માટે દુબઈ મહાનગર દ્વારા દુબઈ આંતરરાષ્ટ્રીય ઍવોર્ડ આપવામાં આવેલ છે.
- ગુજરાત સરકારને નારીની ગર્ભાવસ્થા દરમ્યાન બાળક-માતા મૃત્યુદર ઘટાડા અને સન્માનપૂર્વક પૂર્વ દાક્તરી સારવાર પૂરી પાડવા બદલ સિંગાપોર ઈકોનોમિક ડેવલપમેન્ટ બોર્ડ અને ધી વોલ સ્ટ્રીટ જર્નલ દ્વારા એશિયન ઈનોવેશન ઍવોર્ડ ફોર ચિરંજીવી યોજના ૨૦૦૬ આપવામાં આવેલ છે.
- ગુજરાત સરકારને ગીર જંગલ માટે પાણી અને પુનઃવનીકરણ કાર્યક્રમ માટે ભારત સરકાર દ્વારા એડમિનિસ્ટ્રેટિવ રીફોર્મ અને ઈન્ફર્મેશન ટેક્નોલોજી ઈન્દિરા ગાંધી ઍવોર્ડ ૨૦૦૩ આપવામાં આવેલ છે.
- છેલ્લા દસકાથી ૨૦ મુદ્દા અમલીકરણના ક્ષેત્રે ગુજરાત પ્રથમ ક્રમે છે. દસકાથી પણ વધારે સમયથી રોજગારી સર્જનમાં ગુજરાત પ્રથમ ક્રમાંકે.
- ઈન્ડિયા ટુડે નેલ્સન દ્વારા તાજેતરમાં જ કાયદો વ્યવસ્થાની જાળવણીના હાથ ધરાયેલ સર્વેક્ષણમાં ૨૦૧૬-૧૭ના વર્ષમાં ગુજરાત આખા દેશમાં પ્રથમ ક્રમે.

# કોંગ્રેસ શાસનનો ઇતિહાસ એટલે અશાંતિ અને અંધાધૂંધી

## ૧૯૬૦થી ૧૯૯૫ સુધી કોંગ્રેસના ૩૫ વર્ષના કુશાસનથી ગુજરાત હતું હેરાન-પરેશાન

- ગુજરાતમાં કોંગ્રેસની આંતરિક હુંસાતુંસી અને ખેંચતાણની ગાથા આજકાલની નથી. ૧૯૬૦માં ગુજરાત રાજ્યની સ્થાપના થઈ ત્યારે કોંગ્રેસની પ્રથમ સરકારના મુખ્યમંત્રી ડૉ. જીવરાજ મહેતાને કોંગ્રેસના જ લોકોના વિરોધને કારણે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપવું પડ્યું હતું. આ ઉપરાંત કોંગ્રેસના જ બળવંતરાય મહેતા કે જેમને ભવિષ્યના મુખ્યમંત્રી માનવામાં આવતા હતા એમને પણ કોંગ્રેસના જ કાર્યકર્તાઓએ ચૂંટણીમાં હરાવ્યા હતા.
- જન આક્રોશને કારણે કોંગેસના બે મુખ્યમંત્રીઓને રાજીનામાં આપવાં પડ્યાં હતાં, જેમાં પહેલાં હતા ચીમનભાઈ પટેલ કે જેમની સામે વિદ્યાર્થી આંદોલન થયું હતું, અને બીજા હતા માધવસિંહ સોલંકી કે જેમની સામે અનામત સમર્થન અને વિરોધ આંદોલન થયું હતું.
- ખેડૂતોના આંદોલનને કચડી નાખવા માટે કોંગ્રેસની માધવસિંહ સોલંકી સરકારના સમયગાળામાં પોલીસે ખેડૂતો ઉપર બેફામ ગોળીબાર કર્યા અને એના પરિણામે ઘણા બધા લોકો ઈજા પામ્યા.
- માધવસિંહ સરકારે ક્ષત્રિય, હરિજન, આદિવાસી અને મુસ્લિમ જાતિની ખામ થીયરી અપનાવી સમાજને વિભાજિત કર્યો છે એવી વાત કોંગ્રેસના જ વરિષ્ઠ નેતા રતુભાઈ અદાણીએ કરી હતી.
- માધવસિંહ સરકારના ગાળામાં ૧૯૮૫માં ગુજરાતમાં પોલીસે હડતાલ કરી હતી અને એ દરમિયાન અમદાવાદના જાહેર માર્ગો પર લૂંટફાટ, આગ અને જુગારના અડ્ડાઓ શરૂ થઈ ગયા હતા.
- કોંગ્રેસના શાસનમાં વડોદરા, અમદાવાદમાં જાહેર સ્થળો ઉપર મુંબઈ અને ગુજરાતની માફિયા ગેંગ અવારનવાર લડતી જોવા મળતી અને ગોળીઓ છૂટતી, જેમાં કેટલાય નિર્દોષ લોકોનાં મૃત્યુ થયાં. આ સમયગાળામાં કાનૂન અને વ્યવસ્થા ચીંથરેહાલ થઈ ગઈ હતી.
- કોંગ્રેસના શાસનકાળ દરમિયાન પ્રત્યેક ૨-૩ વર્ષે દુકાળ આવતો, પરંતુ કોંગ્રેસની સરકારે નર્મદા બંધ અંગે ઘોર ઉપેક્ષા સેવી. રાજીવ ગાંધી દુકાળ દરમિયાન ગુજરાત આવે ત્યારે આખી રાત કેટલ કેમ્પમાં ઊભા રહે. ખરેખર તો ખેડૂતોને બદતર હાલતમાં બચાવવા માટે પ્રયાસો, પશુઓને મરતાં અટકાવવા માટે પાણીની વ્યવસ્થા માટે ટેન્કર્સ અને રેલવે જેવા ટૂંકા ગાળાના કીમિયા અજમાવવામાં આવતા. આવી હાલત હોવા છતાં કોંગ્રેસે નર્મદા બંધના પ્રશ્ન પરત્વે રાજકીય ઇચ્છાશક્તિ બતાવી જ નહીં.
- કોંગ્રેસ પાસે વિકાસનો કોઈ નક્કર રોડ મેપ જ ન હતો. ન તો એમની કોઈ દૃષ્ટિ હતી કે ન તો ગુજરાતના વિકાસ માટે એમની કોઈ ઈચ્છાશક્તિ હતી. માત્ર ને માત્ર રાજનૈતિક હિત સાધવા માટે જ્ઞાતિ અને જાતિના વિભાજન આધારિત રાજનીતિ ખેલવામાં જ એમને રસ હતો.
- કોંગ્રેસ પક્ષમાં એમનો એક નેતા બીજા નેતાના પગ ખેંચવામાં મશગૂલ હોય છે. કોંગ્રેસનો ઈતિહાસ સાક્ષી છે કે, કોંગ્રેસ સત્તા માટે રાજનીતિ ખેલે છે. જનસેવા સાથે એમનો સ્નાન-સૂતકનો સંબંધ નથી.
- ૧૯૬૦માં ડૉ. જીવરાજ મહેતાની સામે એમની જ કોંગ્રેસ પાર્ટીના ધારાસભ્યો અવિશ્વાસનો પ્રસ્તાવ લાવવાના હતા.
- વર્ષ ૧૯૬૩માં જીવરાજ મહેતાએ મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું.
- કેન્દ્રમાં પણ ડૉ. જીવરાજ મહેતાને નેતાપદની ચૂંટણી લડવા ન દીધી.
- ૧૯૭૪માં ઘનશ્યામભાઈ ઓઝાને મુખ્યમંત્રી બનાવાયા પણ એમણે પણ કોંગ્રેસના આંતરિક ડખાઓને કારણે ત્રસ્ત થઈને રાજીનામું આપી દીધું.
- ૧૪૯ બેઠક સાથે માધવસિંહ સોલંકી મુખ્યમંત્રી બન્યા પણ એમને અનામતના સમર્થન અને વિરોધના વમળમાં ઘસડીને રાજીનામું આપવા માટે મજબૂર કરવામાં આવ્યા. એ સમયે આખું ગુજરાત ગુંડાગરદીના હવાલે થઈ ગયું હતું. ગુજરાતભરમાં ભયંકર આગ ભડકી ઊઠી હતી. પછી કોંગ્રેસે ૧૯૮૪માં માધવસિંહભાઈનું રાજીનામું લઈ લીધું.
- માધવસિંહ સોલંકીને કેન્દ્રીય મંત્રીમંડળમાં સ્થાન આપવામાં આવ્યું અને બોફોર્સ કાંડમાં પત્ર પહોંચાડવા માટે પોસ્ટમેન બનાવીને એક વાર ફરી એમની સાથે દગાખોરી કરવામાં આવી. એમની ઉપર ભ્રષ્ટાચારનો આરોપ લગાવી મંત્રીપદ ઉપરથી એમને ઉતારી પાડીને ગુજરાતનું ઘોર અપમાન કોંગ્રેસે કર્યું.

# કોંગ્રેસ શાસનનો રક્તરંજિત કલંકિત કાળો ઇતિહાસ

ગુજરાતમાં જ્યારે જ્યારે કોંગ્રેસ સત્તામાં રહી છે ત્યારે - ત્યારે ગુજરાત અશાંતિનો અને કર્ફ્યુનો ભોગ બન્યું છે. જનતાની પરેશાની વધી છે. ધંધા - રોજગાર બંધ રહ્યા છે અને ગુજરાતની પ્રગતિ રૂંધાઈ છે.

| સમયગાળો | મુખ્યમંત્રી | કારણ | મોત | ઘાયલ | નુકસાન |
|---|---|---|---|---|---|
| ૧૮ સપ્ટેમ્બર થી ૧૬ ઑક્ટોબર ૧૯૬૯ કોમી રમખાણો | કોંગ્રેસ શાસન | જગન્નાથ મંદિર ગાયો સાથે દુર્વ્યવહાર | ૫૧૨ | ૧૦૮૪ | રૂપિયા ૪.૨૫ કરોડનું નુકસાન |
| ૧૯૭૪માં નવનિર્માણ આંદોલન | સ્વ. ચિમનભાઈ પટેલ | ભ્રષ્ટાચાર સામે આંદોલન | ૧૧૨ | ૩૧૦ | રૂપિયા ૫૦થી વધુ કરોડનું નુકસાન |
| નોંધ : ૭૩ દિવસ આંદોલન ચાલ્યું | | | | | |
| ૧૯૮૫ અનામત આંદોલન કોમી રમખાણમાં ફેરવાયું | શ્રી માધવસિંહ સોલંકી | ખામ આધારિત ઉગ્ર નીતિ | ૫૮ | ૧૮૦૦થી વધુ ઘાયલ | રૂપિયા ૨૦૦૦ કરોડનું નુકસાન |

આ ઉપરાંત સ્વ. અમરસિંહ ચૌધરીનું શાસન, ૧૯૯૦ અને ૧૯૯૨ દરમિયાન સ્વ. ચીમનભાઈ પટેલનું શાસન ગુજરાતમાં અરાજકતા, અંધાધૂંધી, કર્ફ્યુ અને કોમી દાવાનળનું રહ્યું છે જેણે ગુજરાતની પ્રગતિને અવરોધી છે. ભાજપાનું શાસન શાંતિ, સલામતી અને વિકાસનું રહ્યું છે જે ગુજરાત વિરોધી કોંગ્રેસને ખૂંચે છે. ગુજરાતની પ્રજાએ દીર્ઘદૃષ્ટિ સાથે ભાજપાનો શાંતિ અને સુશાસનનો માર્ગ પકડ્યો છે. ૨૦૧૭માં જાતિવાદી, મતવાદી, ભાગલાવાદી કોંગ્રેસ સામે રાષ્ટ્રવાદને વરેલા અને વિકાસના પર્યાય ભાજપાને જ જીતાડશે.

- કોંગ્રેસની દિશાવિહીનતા અને સ્વાર્થી વૃત્તિને કારણે ગુજરાતના લોકોનો વિશ્વાસ દિનપ્રતિદિન કોંગ્રેસ ઉપરથી ઓછો થતો ગયો. કોંગ્રેસની મતની ટકાવારી નિરંતર ઘટતી ગઈ. ૧૯૫૭માં ૫૬.૯૨ ટકા, ૧૯૬૨માં ૫૦.૭૦ ટકા ૧૯૬૭માં ૪૬ ટકા, ૧૯૯૫માં ૩૬.૯૬ ટકા કોંગ્રેસની આજ સ્થિતિ બતાવે છે કે, એને જનાધાર બિલકુલ નથી. ૧૯૫૬થી ૧૯૬૦માં કોંગ્રેસે મહાગુજરાત આંદોલનને દબાવી દેવા માટે ગુજરાતમાં ઠેરઠેર ગોળીબાર અને લાઠીચાર્જ કરાવ્યો.
- ૮ ઑગસ્ટ-૧૯૫૬ના દિવસને ગુજરાતની જનતા ક્યારેય નહીં ભૂલે. આ દિવસે ઇંદુચાચા અને તત્કાલીન પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરુ સાથે બેઠક થઈ હતી. ગુજરાતના ઈતિહાસમાં વારંવાર ધમાલ અને તોફાનો કરાવીને કોંગ્રેસે જનતાનું દિલ દુભાવ્યે રાખ્યું અને હવે તો એમ લાગે છે કે, ગુજરાતની જનતાના હૃદયને ઠેસ પહોંચાડવામાં અને ગુજરાતમાં અશાંતિ ફેલાવવામાં કોંગ્રેસ માહીર થઈ ગઈ છે.
- ગુજરાતમાં કોંગ્રેસની બેધારી નીતિ છતી થઈ ગઈ છે. ગુજરાતની ઉપેક્ષા ગુજરાતની જનતા સુપેરે સમજી ગઈ છે. કોંગ્રેસની આંતરિક લડાઈનો ભોગ ગુજરાતને હંમેશાં બનવું પડ્યું છે.
- પંચવટી પ્રકરણ, મોંઘવારી અને કોંગ્રેસના શાસનથી ત્રસ્ત બનીને નવનિર્માણ આંદોલન ગુજરાતની જનતા ક્યારેય નહીં ભૂલે.
- નવનિર્માણ આંદોલનમાં મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલને રાજીનામું આપવું પડ્યું.
- આ સમયગાળામાં બસો વાર ગુજરાત બંધ રહ્યું, ૧૯ જિલ્લાઓમાં ગોળીબારો થયા, આ આંદોલનમાં ૮૦થી વધારે નિર્દોષ લોકોનાં મૃત્યુ થયાં, ગુજરાતનો બે તૃતીયાંશ ભાગ દિવસો સુધી કરફ્યુગ્રસ્ત રહ્યો.
- ધોરાજીમાં ખાંડનાં કારખાનાંના ઉદ્‌ઘાટન સમારોહમાં ખેડૂતોએ કરેલા ઉગ્ર વિરોધ સામે કોંગ્રેસની સરકારે

નિર્દોષ ખેડૂતો ઉપર ૨૦ રાઉન્ડ ગોળીબાર કર્યા. ગુજરાતના ખેડૂતો પર થયેલા અત્યાચારને ગુજરાતના ખેડૂતો કેવી રીતે ભૂલી શકશે ?

- લીમડીના ગોળીબારમાં પણ બે નિર્દોષ લોકોનાં મોત થયાં હતાં. આજે કોંગ્રેસ ખેડૂતોના હિતની વાત કયા મોઢે કરી  રહી છે તે સમજણ પડતી નથી.
- પરથમપુરામાં ૧૪ વર્ષની કિશોરીની સાથે બીભત્સ બળાત્કાર થયો, જેનો ગુજરાતની જનતાએ ભારે વિરોધ કર્યો. ફરી એકવાર કોંગ્રેસની સરકારે ગુજરાતની જનતા ઉપર બેરહેમ રીતે બેહિસાબ ગોળીબારો કર્યા. ફક્ત ૬ લોકોના મૃતદેહ મળ્યા. આજે પણ ૧૪ લોકો લાપત્તા છે. કોંગ્રેસ આ ઘટનો હિસાબ આપે અને પછી મહિલા વિકાસ માટેની ડંફાસો મારે.
- નવનિર્માણ આંદોલનનું સૌથી વરવું દૃશ્ય તો માંડવીની પોળમાં થયું હતું. અખબાર લેવા બહાર નીકળેલા ૨૨ વર્ષના યુવાન પર તત્કાલીન કોંગ્રેસની સરકારે જે રીતે નિર્મમતાથી ગોળીઓ ચલાવી તે નીંદનીય હતું. યુવાન પર ગોળી ચલાવવાવાળી કોંગ્રેસ આજે યુવાનોના વિકાસની વાત કરીને ઢોંગ કરી રહી છે.
- જાન્યુઆરી ૧૯૭૪માં વડોદરાની પરદેશ પોળમાં કોંગ્રેસે કરાવેલા ફાયરીંગમાં બે નવયુવકો માર્યા ગયા.
- આ જ પ્રમાણે નવનિર્માણ આંદોલન દરમિયાન અમદાવાદમાં રેશનની દુકાનમાં લાઇનમાં ઊભા રહેલા એક યુવકને ગોળીબારમાં મારી નાખવામાં આવ્યો.
- કડીમાં ૧૯ વર્ષના યુવકને ઘરેથી બહાર કાઢીને નિર્દયતાથી ગોળી મારીને હત્યા કરી દેવાઈ.
- અમદાવાદમાં રસોડામાં જમવાનું બનાવી રહેલી એક ગર્ભવતી મહિલાને ગોળીબારમાં મારી નંખાઈ.
- નવનિર્માણ આંદોલન દરમિયાન અમદાવાદના વિદ્યાર્થીઓ સાથે પોલીસે અત્યંત અમાનવીય વ્યવહાર કર્યો હતો, જેના વિરોધમાં એચ. કે. કૉલેજના આચાર્ય શ્રી યશવંત શુક્લે ઉપવાસ પણ કર્યા હતા.
- વર્ષ ૧૯૬૩માં કોંગ્રેસના વરિષ્ઠ નેતા હનુમંતૈયાએ કહ્યું હતું કે, મારી પાસે થોડા લાખ રૂપિયા હોય તો હું મુખ્યમંત્રી બની જાઉં અને થોડા કરોડ રૂપિયા હોય તો પ્રધાનમંત્રી બની જાઉં. કોંગ્રેસની ભ્રષ્ટાચારની પરાકાષ્ઠા એમના જ પક્ષના નેતા વ્યક્ત કરતા હોય એનાથી મોટું ભ્રષ્ટ પક્ષનું બીજું કયું પ્રમાણ હોઈ શકે.
- કોંગ્રેસના શાસન દરમિયાન ઠોકી દેવામાં આવેલી ઇમરજન્સીને ગુજરાત અને હિન્દુસ્તાન ક્યારેય ભૂલી નહીં શકે.
- ૧.૧૦ લાખ જેટલા નેતાઓ, કાર્યકર્તાઓ, પત્રકારો, શિક્ષકો, વિદ્યાર્થીઓને મીસા એક્ટ હેઠળ જેલમાં નાખવામાં આવ્યા.
- ૩૮ હજાર પ્રકાશનો ઉપર સેન્સરશીપ લાદી દેવામાં આવી. ૧૦૦ પત્રકારોને જેલમાં બંધ કરી દેવાયા. આ દરમિયાન ૧૦ લોકોનાં જેલમાં મૃત્યુ થયાં.
- આ ઉપરાંત ૧૨૦૦ સામાન્ય નાગરિકોની ધરપકડ કરવામાં આવી.
- કોંગ્રેસના નેતા માધવસિંહ સોલંકીએ ખામ થીયરીના આધારે ગુજરાતમાં જાતિવાદનું ઝેર ભયંકર રીતે ફેલાવ્યું. ઓબીસી વર્ગને પટેલો સામે ભડકાવવાનો પ્રયાસ કર્યો અને પટેલ સમાજને ખરાબ રીતે અપમાનિત કર્યો.
- આ વખતે ચૂંટણીમાં પણ કોંગ્રેસ પાસે કોઈ મુદ્દો નથી એટલે ફરી એકવાર ગુજરાતને જાતિવાદના ઝંઝાવાતમાં ફસાવવા માંગે છે, જેથી એમને સત્તા મળે. કોંગ્રેસ સત્તા મેળવવા કોઈપણ માર્ગ અપનાવી કોઈપણ કક્ષાએ જઈ શકે છે. હાર્દિક, જિજ્ઞેશ, અલ્પેશના સહારે કોંગ્રેસ ફરી ગુજરાતમાં જાતિવાદને ભડકાવી રહી છે.
- વર્ષ ૧૯૮૫માં ગુજરાતમાં ભયંકર દુકાળ પડ્યો ત્યારે ગુજરાતની જનતાને રાહત આપવાની જગ્યાએ કોંગ્રેસે ૧૭૦ કરોડનો ટેક્ષ ઝીંકી દીધો. કુદરતી આફતમાં પણ કોંગ્રેસ ભ્રષ્ટાચારના રોટલા શેકવામાં જ રાચતી હતી.
- કોંગ્રેસના સમયગાળામાં કાયદો અને વ્યવસ્થા ચીંથરેહાલ હતી. કોંગ્રેસના જ એમએલએ મંજૂર હુસૈન પીરઝાદા, વાંકાનેરમાં એમના નિવાસસ્થાને જ બોમ્બ દુર્ઘટનામાં એમનું મોત થઈ ગયું.
- વર્ષ ૧૯૮૯માં કોંગ્રેસ મંત્રીમંડળના વરિષ્ઠ આરોગ્ય મંત્રી શ્રી વલ્લભભાઈ પટેલની જૂથબંધીમાં હત્યા કરાવી નાખવામાં આવી.
- ધારાસભ્ય પોપટ લાખા સોરઠિયાનું ૧૫ ઑગસ્ટના ધ્વજવંદન દરમિયાન હત્યા કરવામાં આવી એનું રહસ્ય આજ સુધી ઉકેલાયું નથી.
- કોંગ્રેસ શાસનના કુશાસનની કઠણાઈઓ, સમસ્યાઓ અને પડકારો સામે લડીને જનહિતલક્ષી કાર્યો સાથે સતત બે દાયકાથી ભારતીય જનતા પક્ષની સરકાર નિરંતર વિકાસ કરીને વાઇબ્રંટ ગુજરાતનું નિર્માણ કરવામાં સફળ રહી છે.

## કોંગ્રેસનાં કૌભાંડોને જનતા  ક્યારેય નહીં ભૂલી શકે
## ૧૯૪૮થી લઈને ૨૦૧૨ સુધીના કોંગ્રેસનાં કૌભાંડોની સિલસિલેવાર હકીકતો

- **જીપ ખરીદી કૌભાંડ :** દેશની આઝાદી પછી તરત કોંગ્રેસે પોતાનું અસલી સ્વરૂપ બતાવી દીધું. ૧૯૪૮માં કોંગ્રેસે ૮૦ લાખ રૂપિયાનું જીપ ખરીદી કૌભાંડ કર્યું.
- **બીએચયુ - બનાસ હિંદુ વિશ્વવિદ્યાલય કૌભાંડ :** ૧૯૫૬માં કોંગ્રેસે બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયનો ૫૦ લાખ રૂપિયાનો ગફલો કર્યો.
- **મુદ્રા કૌભાંડ :** ૧૯૫૭માં રૂ. ૧.૨૫ કરોડનો મુદ્રા ગોટાળો બહાર આવ્યો.
- **ધરમ તેજ લોન કાંડ :** ૧૯૬૦માં કોંગ્રેસે બોગસ લોનના માધ્યમથી ૨૨ કરોડ રૂપિયાનું કૌભાંડ કર્યું.
- **તેલ કૌભાંડ** - ૧૯૭૬માં ૨.૨ કરોડ રૂપિયાનું તેલ કૌભાંડ કર્યું.
- **સબમરિન કૌભાંડ - એડીડબલ્યુ :** કોંગ્રેસે ૧૯૭૭માં ૨૦ કરોડનું કૌભાંડ કર્યું.
- **બોફોર્સ કૌભાંડ :** દેશમાં ભ્રષ્ટાચાર માટેનો ટ્રેડ માર્ક બની ચૂકેલાં બોફોર્સ કૌભાંડે દેશની સેનાનું મનોબળ સંપૂર્ણ રીતે તોડી નાખ્યું. ૧૯૭૭માં કોંગ્રેસે ૬૫ કરોડ રૂપિયાનું બોફોર્સ કૌભાંડ કર્યું.
- **સેન્ટ કીટ ફોર્જરી :** ૧૯૮૯માં ૯.૪૫ કરોડ રૂપિયાનો ભ્રષ્ટાચાર કર્યો.
- **એર બસ કૌભાંડ :** ૧૯૯૦માં કોંગ્રેસે ૨.૫ કરોડ રૂપિયાનું એર બસ કૌભાંડ આચર્યું.
- **સિક્યોરિટી કૌભાંડ :** ૧૯૯૨માં કોંગ્રેસે ૫૦૦૦ કરોડ રૂપિયાનું મહાકૌભાંડ કરી દેશની જનતાના પૈસાને લૂંટીને પોતાની તિજોરી ભરી.
- **ઈન્ડિયન બેન્ક રિપ ઓફ :** ૧૯૯૨માં કોંગ્રેસનું રૂ. ૧૩૦૦ કરોડનું એક બહુ મોટું કૌભાંડ બહાર આવ્યું.
- **સુગર ઈમ્પોર્ટ :** ૧૯૯૪માં રૂ. ૬૫૦ કરોડની ખાંડની આયાતમાં કોંગ્રેસે કર્યું મોટું કૌભાંડ.
- **જે.એમ.એમની લાંચ કૌભાંડ :** ઝારખંડ મુક્તિ મોરચામાં ૧૯૯૫માં કોંગ્રેસે રૂ. ૧.૨ કરોડનો ગફલો કર્યો.
- **ઈન અ પીકલ કૌભાંડ (લખુભાઈ પાઠક) :** ૧૯૯૬માં કોંગ્રેસે રૂ. ૧૦ લાખનું કૌભાંડ કર્યું.
- **ટેલિકોમ કૌભાંડ :** ૧૯૯૬માં ૧.૬ અબજ રૂપિયા કોંગ્રેસે દેશના ડુબાડ્યા.
- **ઘાસચારા કૌભાંડ :** ૧૯૯૬માં જ કોંગ્રેસે રૂ. ૯૫૦ કરોડનું ઘાસચારા કૌભાંડ કર્યું.
- **યુરિયા કૌભાંડ :** ૧૯૯૬માં કોંગ્રેસે દેશના ખેડૂતોને દગો આપી રૂ. ૧૩૩ કરોડનું યુરિયા કૌભાંડ કર્યું.
- **સીઆરબી કૌભાંડ :** ૧૯૯૭માં કોંગ્રેસે સીઆરબી કૌભાંડ કરીને દેશના ૧ હજાર કરોડ રૂપિયા બરબાદ કર્યા.
- **વેનેસિંગ કંપની ગોટાળો :** ૧૯૯૮માં કોંગ્રેસે વેનેસિંગ ગોટાળો કરીને દેશના રૂ.૩૩૦.૭૮ કરોડ ચાઉં કર્યા.
- **પ્લાન્ટેશન કંપની ગોટાળો :** ૧૯૯૯માં રૂ. ૨૫૬૩ કરોડનું પ્લાન્ટેશન કંપનીનું કૌભાંડ કર્યું.
- **કેતન પારેખ કૌભાંડ :** ૨૦૦૧માં ૧૩૭ કરોડ રૂપિયાનો ગોટાળો કરી કોંગ્રેસે ફરી એકવાર તેની વિશ્વસનીયતા ગુમાવી દીધી.
- **સ્ટોક માર્કેટ ગોટાળો (હર્ષદ મહેતા કૌભાંડ) :** કોંગ્રેસના સમયમાં થયેલા આ કૌભાંડે આખા વિશ્વમાં સનસનાટી ફેલાવી દીધી હતી. ૨૦૦૧માં ૧.૧૫ હજાર કરોડ રૂપિયાનો આ મહાગોટાળો એ સમયનો સૌથી મોટું કૌભાંડ સાબિત થયું હતું.
- **હોમ ટ્રેડ કાંડ :** ૨૦૦૨માં રૂ. ૬૦૦ કરોડનું કોંગ્રેસનું વધુ એક મોટું કૌભાંડ જનતાની સામે આવ્યું.
- **સ્ટેમ્પ પેપર મહાકૌભાંડ :** કોંગ્રેસના શાસનમાં થયેલા આ કૌભાંડે પૂરા દેશને હચમચાવી નાખ્યો હતો. ૨૦૦૩માં અબ્દુલ કરીમ તેલગીએ નકલી સ્ટેમ્પ પેપરનું કૌભાંડ કરી દેશને રૂ. ૩૦ હજાર કરોડનો ચૂનો લગાવ્યો હતો.
- **આઈપીઓ ડીમેટ ગોટાળો :** ૨૦૦૫માં કોંગ્રેસે રૂ. ૧૩૬ કરોડનો વધુ એક ગોટાળો કર્યો હતો.
- **બિહાર ફલડ રિલીફ ગોટાળો :** ૨૦૦૫માં બિહારમાં આવેલા ભયંકર પૂરમાં રાહત આપવાના નામ ઉપર કોંગ્રેસે રૂ. ૧૭ કરોડનું કૌભાંડ કર્યું હતું.
- **સ્કોર્પિયન સબમરીન કૌભાંડ :** જનતાની સેવા કરવાના નામ ઉપર

લૂંટ મચાવવાવાળી કોંગ્રેસે વર્ષ ૨૦૦૫માં રૂ. ૧૮૯૭૮ કરોડનું વધુ એક મહાકૌભાંડ કરી કૌભાંડોની પરંપરાને ચાલુ રાખી હતી.

- **પંજાબ સિટી સેન્ટર પ્રોજેક્ટ ગોટાળો :** ૨૦૦૬માં કોંગ્રેસે પંજાબમાં રૂ. ૧૫૦૦ કરોડનું કૌભાંડ કરી એક વખત ફરીથી દેશને નુકસાન પહોંચાડ્યું હતું.
- **તાજ કોરીડોર કૌભાંડ :** ૨૦૦૬માં રૂ. ૧૭૫ કરોડનું વધુ એક કૌભાંડ સામે આવ્યું.
- **પૂણે બિલેનિયર હસનઅલી ખાન ટેક્સ ડિફોલ્ટર :** કોંગ્રેસની કૌભાંડોની શ્રેણી અહીંથી બંધ થવાના બદલે ૨૦૦૮માં એક વધુ કૌભાંડ દેશની સામે આવ્યું. આ ગોટાળામાં જનતાના રૂ. ૫૦ હજાર કરોડનું નુકસાન થયું.
- **બહુ ચર્ચિત સત્યમ્ ગોટાળો :** કોંગ્રેસના શાસનમાં વધુ એક કૌભાંડ કોર્પોરેટ સેકટરનું સૌથી મોટું કૌભાંડ સાબિત થયું હતું. ૨૦૦૮માં સત્યમ્ કોમ્પ્યુટરના માલિક રામલિંગ રાજુએ દેશને રૂ. ૧૦ હજાર કરોડનો ચૂનો લગાવ્યો હતો.
- **આર્મી રાશન પીલફરેજ ગોટાળો :** કોંગ્રેસના શાસનમાં દેશની સેનાને શરમમાં મૂકે તેવી એક ઘટના બની. ૨૦૦૮માં સેનાને પૂરા પડાતા અનાજમાં રૂ. ૫૦૦૦ કરોડનું વધુ એક કૌભાંડ કોંગ્રેસે કરી દેશને શરમજનક પરિસ્થિતિમાં મૂક્યો હતો.
- **૨જી સ્પેક્ટ્રમ કૌભાંડ :** દેશમાં બહુચર્ચિત આ કૌભાંડે પૂરા વિશ્વને અચંબામાં મૂકી દીધું હતું. આ કૌભાંડ એ સમયનું સૌથી મોટું કૌભાંડ હતું જેને કોંગ્રેસે પોષ્યું હતું. ૨૦૦૮માં કોંગ્રેસે રૂ. ૧,૭૬૦૦૦ કરોડનું મૌટુંમસ કૌભાંડ કરીને દેશની જનતાના પૈસા લૂંટ્યા હતા.
- **સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્ર કૌભાંડ :** આ જ રીતે ૨૦૦૮માં રૂ. ૯૫ કરોડનું કોંગ્રેસનું વધુ એક કૌભાંડ દેશની સામે આવ્યું હતું.
- **સ્વીસ બેન્કોમાં કાળું નાણું :** જનતાની સેવા કરવાના નામ ઉપર વર્ષોથી દેશની જનતાને લૂંટી રહેલી કોંગ્રેસનું વધુ એક મોટું કૌભાંડ વર્ષ ૨૦૦૮માં દેશની સામે આવ્યું જેણે પૂરા વિશ્વનું ધ્યાન આકર્ષ્યું હતું, જેમાં ૭૧ લાખ કરોડ રૂપિયા સ્વીસ બેંકમાં કાળા નાણાં તરીકે જમા હોવાની જાણકારી બહાર આવી હતી.
- **ધ ઝારખંડ મેડિકલ સાધનોનું કૌભાંડ :** ૨૦૦૯માં કોંગ્રેસનું રૂ. ૧૩૦ કરોડનું વધુ એક કૌભાંડ દેશની જનતાની સામે આવ્યું.
- **ચોખા નિકાસ કૌભાંડ :** ૨૦૦૯માં જ ફરી એકવાર કોંગ્રેસે રૂ. ૨૫૦૦ કરોડનું કૌભાંડ કર્યું હતું.
- **ઓરિસ્સા માઈન્સ ગોટાળો :** ૨૦૦૯માં વધુ એક વિવાદાસ્પદ ઓરિસ્સા માઈન્સ ગોટાળો દેશની જનતાની સામે ઉજાગર થયો હતો. આ ગોટાળામાં દેશને રૂ. ૭૦૦૦ કરોડનું નુકસાન થયું હતું.
- **મધુ કોન્ડા માઈન્સ ગોટાળો :** આજ ક્રમમાં ૨૦૦૯માં કોંગ્રેસના શાસનમાં રૂ. ૪૦૦૦ કરોડનું વધુ એક મોટું કૌભાંડ દેશની સામે ઉજાગર થયું.
- **કોમનવેલ્થ ગેમ્સ કૌભાંડ :** આખા દેશને શરમજનક પરિસ્થિતિમાં મૂકી દેનાર આ કૌભાંડે સમગ્ર વિશ્વમાં ભારતની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડ્યું હતું. ૨૦૧૦માં આ મોટા કૌભાંડમાં કોંગ્રેસે રૂ. ૪૦ હજાર કરોડનો ભ્રષ્ટાચાર કર્યો.
- **આદર્શ કૌભાંડ :** કૌભાંડોના નશામાં ડૂબેલી કોંગ્રેસે દેશની સેનાને પણ છોડી નથી. ૨૦૧૨માં કોંગ્રેસના શાસનમાં આદર્શ કૌભાંડ સામે આવ્યું હતું. આ કૌભાંડમાં કોંગ્રેસે સેનાના જવાનોને પૂરા પાડવાના થતાં મકાનોમાં પણ ભ્રષ્ટાચાર કર્યો હતો.
- **ચોપર કૌભાંડ :** ૨૦૧૨માં કોંગ્રેસ શાસનમાં થયેલા આ કૌભાંડનો પડઘો ભારતમાં જ નહીં પણ ઈટાલી સુધી પહોંચ્યો હતો. આ કૌભાંડમાં કોંગ્રેસની સરકારે ઈટાલીની અગસ્ટા વેસ્ટલેન્ડ કંપનીને ટેન્ડર આપવા માટે લાંચ લીધી હોવાનો આરોપ લાગ્યો હતો, જે ઈટાલીની કોર્ટમાં તેને કરેલી તપાસમાં આ સાચું હોવાનું બહાર આવ્યું હતું. આ કૌભાંડમાં સેનાના વરિષ્ઠ અધિકારીઓ ઉપરાંત અનેક મંત્રીઓ તથા કોંગ્રેસનાં અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધીનું નામ પણ સામે આવ્યું હતું.
- **કૌલસા કૌભાંડ :** કોંગ્રેસના શાસનમાં થયેલા આ કૌભાંડે દેશના રૂ. ૧.૮૬ કરોડ બરબાદ કર્યા હતા. સીએજીને ૧૯૪ કોલસાની લીઝ આપવામાં અનિયમિતતા જણાઈ હતી. જેના પછી એની તપાસ થઈ અને આ તપાસમાં પીએમઓ પણ આ કૌભાંડમાં સામેલ હોવાનું બહાર આવ્યું.

●

# ગુજરાતના નેતા દેશના નેતા અને રાજકોટના નેતા ગુજરાતના નેતા - શ્રી અરૂણ જેટલીજી




## કોંગ્રેસની જાતિગત રાજનીતિની સામે ભાજપની વિકાસ અને આર્થિક સ્થિરતાની નીતિ વિજયી બનશે

કેન્દ્રીય મંત્રીશ્રી અરૂણ જેટલીએ જણાવ્યું હતું કે, ગુજરાત એક એવું રાજ્ય છે જે પ્રગતિની દિશામાં પોતાનો માર્ગ નક્કી કરીને અપેક્ષિત પરિણામ લાવવા ગુજરાત તેમજ ગુજરાતની પ્રજા સક્ષમ છે. શ્રી જેટલીજીએ કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, ૧૯૮૦ની જાતિગત રાજનીતિ તે કોંગ્રેસનો હિસ્સો છે, અને છેલ્લી દરેક ચૂંટણીમાં કોંગ્રેસનો કારમો પરાજય થતાં કોંગ્રેસ પોતાના મૂળ સ્વભાવ મુજબ જાતિગત રાજનીતિ કરવા મજબુર બની છે, જ્યારે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસના એજન્ડા સાથે ચૂંટણીમાં ઊતરવાની શરૂઆત એ ભાજપાની દેન છે. રાજ્ય નક્કી કરે કે તેને પોતાની રાજનીતિ જાતિગત આધારે કે વિકાસના માર્ગે જઈને માળખાકીય સુવિધાઓમાં વધારો કરીને વિકાસના નવા આયામો પ્રતિપાદિત કરવા છે, તે ગુજરાતની જનતા સારી રીતે જાણે છે. કોંગ્રેસની એક એવી માનસિકતા છે, હંમેશા પ્રગતિશીલ વિચારો, વ્યક્તિ અને નીતિને રોકવાની છે, આ જ માનસિકતા સાથે કોંગ્રેસે પોતાના શાસનમાં કાર્ય કર્યું છે. તેનું ઉદાહરણ આપતાં શ્રી જેટલીજીએ જણાવ્યું હતુ કે, ૧૯૯૦ના દાયકામાં મોબાઈલ ક્રાંતિ આવી, તેનો વિરોધ કર્યો. ૧૯૯૫-૯૬માં દેશની કુલ વસ્તીના એક ટકાથી ઓછા ટેલિફોન ધારકો હતાં. આજે ૧૦૦ કરોડથી વધારે લોકો પાસે મોબાઈલ છે, જેના પરિણામ સ્વરૂપ સામાન્ય વ્યક્તિની જનજીવન પદ્ધતિમાં બદલાવ આવ્યો. કોંગ્રેસે ગુજરાતને બદનામ કરવાનું એક વાતાવરણ ઊભું કરવાનો હંમેશા પ્રયત્ન કર્યો છે. કોંગ્રેસના શાસન દરમ્યાન ગુજરાતને અસહયોગ કરવો, તે કોંગ્રેસની નીતિ અને નિયત હતી. કોંગ્રેસની જાતિગત રાજનીતિની સામે વિકાસની તેમજ આર્થિક સ્થિરતાના મુદ્દા સાથે ગુજરાતે ભાજપાના શાસનમાં વિકાસની હરણફાળ ભરી છે. કોંગ્રેસની આ જ નીતિરીતિના કારણે ગુજરાતની પ્રજાએ તેને સત્તાથી દૂર રાખી છે.

શ્રી જેટલીજીએ વધુમાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૩ વર્ષના કાર્યકાળમાં સાહસિક નિર્ણયો કરીને એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. નોટબંધીના કારણે જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીની ઘટનામાં ૭૦ ટકાનો ઘટાડો આવ્યો છે. હુર્રિયતના નેતાઓ દેશની જનતા સમક્ષ ઉઘાડા પડી ગયા છે, તેમજ આ ત્યારેજ શક્ય બન્યું છે કે, દેશના એક સક્ષમ નેતા અને અનુશાસન ધરાવતી પાર્ટી સત્તાનું સુકાન સંભાળે છે. અંતમાં શ્રી જેટલીજીએ જણાવ્યું હતું કે, ૨૦૧૭ની ચૂંટણી એ ગુજરાત માટે લેન્ડમાર્ક છે, ભાજપા જીતે એ પૂરતું નથી, પરંતુ ઐતિહાસિક માર્જિન સાથે જીતવું જરૂરી છે, જેથી જાતિગત રાજનીતિ કરનારી કોંગ્રેસ ફરી ક્યારેય સમાજને અને દેશને તોડનારી આવી વિકૃત રાજનીતિ દેશમાં ફરી માથું ઊંચકે નહીં. ૨૦૧૭ની ચૂંટણીનો મૂળ ઉદ્દેશ વિકાસ અને સ્થિરતાનો હશે, અને ગુજરાતની પ્રજા વિકાસ અને સ્થિરતા બંનેનો પર્યાય એટલે ભાજપા અને નરેન્દ્રભાઈમાં વિશ્વાસ ધરાવે છે.

શ્રી વિજયભાઈ રૂપાણીના કૌશલ્ય અને દીર્ઘદ્રષ્ટિની સરાહના કરતાં શ્રી અરૂણ જેટલીજીએ જણાવ્યું હતું કે, ગુજરાતની સમસ્યાઓનું કાયમી નિરાકરણ અને ઝડપી નિરાકરણ શ્રી વિજયભાઈ રૂપાણીની કાર્યક્ષમતાનું પરિણામ છે.

તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતમાં વિકાસની અભૂતપૂર્વ બુનિયાદ ઊભી કરી ગુજરાતની પ્રજાનો અપૂર્વ પ્રેમ પ્રાપ્ત કરનારા ગુજરાતના નેતા શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશના નેતા બન્યા છે. એ જ રીતે પોતાના કૌશલ્યને કારણે પ્રજાની વચ્ચે સતત રહીને પ્રજાને પોતાકી લાગે તેવા રાજકોટના નેતા શ્રી વિજયભાઈ રૂપાણી ગુજરાતના નેતા બન્યા છે અને તેમની સૂઝબૂઝને કારણે જ રાજકોટની પાણી સમસ્યા કે રાજ્યની વેપાર સમસ્યા હોય તેનો સુખદ ઉકેલ આવ્યો છે.

શ્રી વિજયભાઈના કામની પ્રશંસા કરતાં તેમણે ઉમેર્યું હતું કે, ભાજપાના એક સૈનિક તરીકે શ્રી વિજયભાઈએ હંમેશા વિકાસલક્ષી દ્રષ્ટિ રાખી છે અને તેના કારણે રાજકોટ વિકાસના માર્ગે આગળ વધી રહ્યું છે. ત્યારે આગામી ચૂંટણીમાં ભાજપના તમામ ચારેય ઉમેદવારોને વિજયી બનાવીને રાજકોટની જનતા આ વિજયયાત્રા ચાલુ રાખશે.

REGD. NO. GAMC 563/2015-17 VALID UP TO 31-12-2017 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. CPMG GJ/50/2015 VALID UP TO 31-12-2017 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

# ગુજરાતની જનતા જાતિવાદને સ્થાને વિકાસવાદને વિજયી બનાવી ભાજપાના ૧૫૦+ના સંકલ્પને સાકાર કરશે - શ્રી અમિતભાઈ શાહ



ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહે ભાવનગરના ગુલિસ્તા મેદાન ખાતે જંગી જાહેર સભાને સંબોધતાં જણાવ્યું હતું કે, ગુજરાતની ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણી એ બે રાજકીય પાર્ટી વચ્ચેની ચૂંટણી નથી પરંતુ, આ ચૂંટણી વંશવાદ, જાતિવાદની સામે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકાસવાદની ચૂંટણી છે. આ ચૂંટણીમાં વિકાસવાદ વિજયી થશે અને ગુજરાતની પ્રગતિનો માર્ગ વધુને વધુ ખૂલશે.




તેઓશ્રીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ કયા મુદ્દે ચૂંટણી લડે છે તે સ્પષ્ટ કરે. ચૂંટણી મુદ્દા ઉપર લડાવી જોઈએ. કોંગ્રેસ પાસે ગુજરાતના ગૌરવ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિરોધ સિવાયનો કોઈ મુદ્દો નથી. કોંગ્રેસ કયા મુદ્દે ચૂંટણી લડે છે તે સ્પષ્ટ કરે. ભાજપા સર્વાંગીણ વિકાસનો મુદ્દો લઈને ચૂંટણીના મેદાનમાં ઊતરી છે. ગુજરાતને ૧૯૮૫થી ૧૯૯૫ના ૧૦ વર્ષના સમયગાળાના જાતિવાદના ઝેરના ખપ્પરમાં હોમવું છે ? અસ્થિરતામાં ધકેલવું છે ? અશાંતિમાં ધકેલવું છે ? ખામ થિયરી આધારિત બનાવવું છે ? કર્ફ્યુગ્રસ્ત કરવું છે ? તેનો નિર્ણાયક ફેંસલો કરવાની ગુજરાતમાં ચૂંટણી દ્વારા તક મળી છે. ભાજપા ગુજરાતના વિકાસનો રથ લઈને નીકળી છે જ્યારે, કોંગ્રેસ વિકાસ વિરોધનું વલણ લઈને નીકળી છે. આ ચૂંટણી જાતિવાદ સામે વિકાસવાદ અને વંશવાદ સામે વિકાસવાદનો સંઘર્ષ છે.

કોંગ્રેસના ૧૦ વર્ષના સોનિયા-મનમોહનના શાસનમાં ગુજરાતને સતત અન્યાય અને અપમાનનો સામનો કરવો પડ્યો છે. કોંગ્રેસના ઉપાધ્યક્ષશ્રી રાહુલ ગાંધીને ગુજરાતની જનતાને જવાબ આપવા માટે પડકાર ફેંકતાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે, સરદાર પટેલને સતત અન્યાય કેમ કર્યો ? ભારતરત્ન કેમ ન આપ્યો ? સંસદ ભવનમાં તેમનું તૈલચિત્ર કેમ ન મૂક્યું ? સરદાર સરોવર નર્મદા બંધના કાર્યોમાં અવરોધ કેમ કર્યો ? ગુજરાતની ધરતીને તરસી કેમ રાખી ? ગુજરાતના પ્રજાજનોને પાણીથી વંચિત કેમ રાખ્યા ?

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહે કેન્દ્રમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી ભાજપા સરકારના પરિણામે ગુજરાતને કોંગ્રેસ દ્વારા હંમેશા અન્યાય કરવામાં આવતા મુદ્દાઓનો ઉકેલ આવ્યો છે અને વિકાસનાં અનેક નવાં સોપાનો ગુજરાતની ધરતી પર ભેટ મળ્યા છે તેનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, ઘોઘાથી દહેજ રો-રો ફેરી સર્વિસ એ પરિવહનના ક્ષેત્રે ગુજરાતનું નજરાણું બની છે. અમદાવાદથી મુંબઈ બુલેટ ટ્રેન એ વિકાસનું પ્રતીક બની છે. રાજકોટ ખાતે એરપોર્ટના નિર્માણનું ખાતમુહૂર્ત થયું છે. ક્લુડ રોયલ્ટી વધી છે. નાણાપંચ દ્વારા આપવામાં આવતાં નાણાંનો હિસ્સો વધ્યો છે. ગુજરાત વિકાસના માર્ગે આગળ વધી રહ્યું છે અને કેન્દ્ર તેમાં અનેક માર્ગે સહયોગી બન્યું છે તે ગુજરાત માટે ગૌરવની બાબત છે.

**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.